|| વરદ હસ્ત પ્રભુ તમારો સદાય રહેજો જીવનસહારો ||

# || અધ્યાત્મ ||

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

## ॥ ઉબન્તુ : હું છું કારણ કે આપણે છીએ ॥

આફ્રિકાના એક જંગલમાં રહેતી પ્રજાતિઓ વચ્ચે, માનવસંશોધન કરનાર એક માનવશાસ્ત્રી ગયા. ત્યાંના બાળકો પર એક રિસર્ચ કરવાનું નક્કી કર્યું. તેમણે એક પ્રયોગ કર્યો. એક વૃક્ષ પાસે મિઠાઈઓથી ભરેલી એક બાસ્કેટ મૂકી, ત્યાંથી સો મીટર દૂર બધાં બાળકોને ઊભાં રાખી કહ્યું કે, હું રૂમાલ હલાવું એટલે તમે દોડજો. જે સૌથી પહેલાં બાસ્કેટ પાસે પહોંચી જશે, બાસ્કેટની બધી મીઠાઈ એની ! તેણે જેવો રૂમાલ હલાવ્યો કે, બધાં બાળકો એકબીજાના હાથ પકડી એકસાથે એ બાસ્કેટ પાસે પહોંચ્યાં. બધાંએ બાસ્કેટની મીઠાઈ એક સાથે સરખે ભાગે વહેંચી અને પછી ત્યાં બેસી આનંદથી ખાધી. માનવશાસ્ત્રીને આ જોઈ ભારે અચરજ થયું તેણે પ્રશ્ન કર્યો; તમારામાંથી કોઈ એકલું દોડી આ બાસ્કેટ સુધી કેમ ન પહોંચ્યું ? આ બધી મીઠાઈ એની એકલાની જ થઈ જાત. ત્યારે તેમને ઉત્તર મળ્યો; 'કોઈ એકલું ખુશ થાય અને બાકીનાં બધાં દુઃખી થાય. એવું કેમ કરાય ?'

આફ્રિકાની આ પ્રજાતિમાં એક સમજણ છે, જે 'UBTUNTU' ઉબન્તુ તરીકે ઓળખાય છે. એવો અર્થ છે. 'I am because we are. How can one be happy when others are sad.'

આ સમજણનો ઉપયોગ જો આપણે બધાં આપણા જીવનમાં કરીએ તો આપણું જીવન કેવું સરળ અને આનંદપ્રદ બની જાય !

—સંકલન

|| ૐ યોગેશ્વરાય નમઃ ||  || ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ||

# || જૂન, ૨૦૨૪ ||

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે છ હજાર ગીતો લખ્યાં, બધાં જ લગભગ અદ્ભુત, અનુપમ, અપૂર્વ ! કાવ્યકૌશલ્ય અને માધુર્યથી છલકતાં ! છતાં તેઓશ્રી છેલ્લે કહે છે : ‘પ્રભુ, હજી તો મેં સાજ જ બેસાડ્યો ને મારી પ્રસ્થાનની ઘડી આવી ગઈ ! જે ગાવા ચાહતો હતો તે અણગાયું ભીતર પડ્યું છે. હજી તો તાર કસ્યા, તબલાં બેસાડ્યાં; લાગતું હતું કે હવે જે ગાવું છે તે ગાઈ શકવાની ઘડી આવી ગઈ; ને ત્યાં જ વિદાયવેળા !!’

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૭ |
| ૧. | શ્રીયોગેશ્વરકથામૃત(વિશેષ સંસ્મરણો) | શ્રી'મા' સર્વેશ્વરી | ૮ |
| ૨. | પૂ.શ્રી'મા'ને પત્રપ્રણામ | સેવકવૃંદ, સ્વર્ગારોહણ | ૨૦ |
| ૩. | 'સ્વર્ગારોહણ'માં સાધનાપર્વ | સંકલન | ૨૧ |
| ૪. | પૂ.શ્રી'મા' સર્વેશ્વરી : મહિમાગાન | એક પ્રતિભાવ | ૨૯ |
| ૫. | દિવ્ય સંનિધિયાત્રા : ગંગોત્રીથી ઉત્તરકાશીની પદયાત્રા | શ્રીરાજીવ જાની | ૩૧ |
| ૬. | શ્રીકાલીમંદિર તીર્થયાત્રા | શ્રીઅશ્વિન કાકા | ૪૨ |
| ૭. | મહાકાલેશ્વર-ઓમકારેશ્વર યાત્રા | " | ૪૭ |
| ૮. | 'તીર્થની તાકાત' પ્રકરણની મહત્તા | એક યાત્રિક | ૬૨ |
| ૯. | જીવનપત્રિકા : પદનિર્ઝર | શ્રી'મા' સર્વેશ્વરી | ૬૬ |

**નિવેદન** : આપણે જ યાત્રી, યાત્રાપથ અને સાક્ષાત્ તીર્થ !

કહે છે : 'જે વ્યક્તિ ઘરનો ઉંબરો ઓળંગતી નથી તે સમષ્ટિના મહાગ્રંથનું એક જ પાનું વાંચી શકે છે.' વૈશ્વિક ચૈતન્ય અનંત છે, તેની સાથે અનુસંધિત થવા, ચાર દિવાલોની (ઘરની) સંકીર્ણતામાંથી છૂટવું જ રહ્યું. નહિ તો કૂવામાંના દેડકા જેવી સ્થિતિ થાય. વળી, ચૈતન્યપ્રસાર-વિસ્તાર એ જ અધ્યાત્મ છે. એની ઓળખ આપવા નિમિત્ત બને કોઈ ઈશ્વરદર્શી સંતનો મેળાપ, પ્રવચન, સત્સંગ, શિબિર, સદ્‌ગ્રંથ, મંદિર-મસ્જિદ કોઈ કાશી-કાબા જેવાં તીર્થક્ષેત્ર !

આપણા પૂ.શ્રીગુરુદેવ પ્રભુએ એમનાં ઘણાં પુસ્તકોમાં યાત્રાઓનો મહિમા દર્શાવ્યો છે. પરમ પ્રેમમયી 'મા' પણ વયસ્ક, યુવાન ભાઈબહેનો તેમજ બાળકો માટે વિવિધ યાત્રાઓનાં અભિયાનો યોજી, મુક્તિ, સ્વાધીનતાની આબોહવા ઊભી કરી, એમનામાં સત્યપ્રેમ, સમજણ-વિવેકયુક્ત વ્યવહાર તેમજ સંસારના રોજિંદા એકધારા જીવનમાં નવા ઉમંગ-ઉત્સાહની સાથે સાથે તન-મનના પીંજરમાં પૂરાઈ ન રહેતાં, આકાશમાં ઊડવાની પોતાની ક્ષમતા ઓળખે અને વ્યર્થ વહી જતી જીવનની ક્ષણોને સાર્થક કરી લેવાની તક ન ચૂકે એ માટે સજગ કરે છે. પૂ.શ્રી'મા'એ સુખી-પ્રસન્ન દંપતીઓને બહુ માર્મિક શબ્દોમાં કહ્યું હતું કે; 'પીંજર ભલે સોનાનું હોય પણ એ પીંજર છે એ જાણી-સમજી, બંધનમુક્તિની દિશામાં પ્રયત્નશીલ રહેવું તમારી જાગૃતિ માટે અનિવાર્ય છે.'

હમણાં તાજેતરમાં જ પૂ.શ્રી'મા'એ એક યુવાયાત્રાને આશીર્વાદથી પોરસ ચઢાવી, સૂક્ષ્મ સમજણ પણ સંકેતી, 'જે કંઈ કરો એ પૂર્ણ જાગ્રત થઈને કરો.' વળી, 'બહિર્યાત્રા'ની સાથે સાથે આપણી 'અંદરની યાત્રા' કરવાનો અવસર ન ચૂકાય એ બોધ પોતાના આચારમાં મૂર્ત કરી દર્શાવે છે. હાલ વિદેશમાં વિહરનારાં છતાં દેશને ક્ષણ પણ ન વિસરી, પોતાનાં પ્રાર્થના, પ્રણામ, પાઠ, પારાયણ, આસન, કસરત, લેખન તેમજ અનવરત જપયાત્રામાં રત પૂ.શ્રી'મા' સરળતાથી સિદ્ધ કરે છે કે 'પરમાત્મા આપણા અંતરાત્માથી ભિન્ન નથી. એ નિકટથી પણ નિકટતમ છે, પ્રાણોનો પ્રાણ છે.' એટલે ખરેખર તો યાત્રાએ નીકળવાનો-પહોંચવાનો કોઈ પ્રશ્ન જ નથી રહેતો, આપણે જ યાત્રી, યાત્રાપથ અને સાક્ષાત્ તીર્થ !

# ॥ શ્રીયોગેશ્વરકથામૃત ॥

## (‘દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ’ના વિશેષ સંસ્મરણો)

## ફિનિક્ષ આશ્રમનાં શ્રીસુશીલાબહેન ગાંધીની મુલાકાત

ગાંધીજીની એ આરંભની કર્મભૂમિ.

એ ધરતી ઉપર અમે આ વરસે આવ્યાં.

ડરબન શહેરથી ૧૪ માઈલ દૂર ફિનિક્ષ નામનું ગામ છે. ગાંધીજીનો ત્યાં આશ્રમ છે.

આશ્રમમાં પુસ્તકાલય, દવાખાનું ને શાળા આજે પણ જોવા મળે છે. લગભગ સો એકરમાં એ આશ્રમ વિસ્તાર પામ્યો છે. એક જમાનામાં અહીંથી ‘ઈન્ડીયન ઓપીનિયન’ નામનું પેપર પ્રસિદ્ધ થતું હતું. ગાંધીજીના પુત્ર સ્વ. મણીલાલ ગાંધી એ આશ્રમના સંચાલક હતા.

આશ્રમ જોવા જવાનું સ્વાભાવિક મન થાય. અને ગાંધીજીનાં જ્યાં પુનિત પગલાં પડ્યા હતાં તે સ્થાનને જોતાં વિશેષ આનંદ થયો.

આશ્રમનાં પુસ્તકાલયમાં પૂ.શ્રીયોગેશ્વરજીનું ‘ગાંધીગૌરવ’ પુસ્તક પણ જ્યારે અમે જોયું, ત્યારે થયુંઃ ઓહો ! યોગેશ્વરજીનો અક્ષરદેહ તો ક્યારનો અહીં આવી ગયો છે ને !

આશ્રમ તો જોયો, પણ આશ્રમ સાથે જોડાયેલી કોઈ વ્યક્તિ મળે ખરી ? એના જવાબરૂપે અમને સંતોષ થાય એવી એક વ્યક્તિ મળી.

પ્રભુની કૃપાથી પૂ.શ્રીયોગેશ્વરજીના પ્રવચનમાં જ તે સન્નારી મળ્યાં, જેઓ ગાંધીજીની વિદેશની સેવાપ્રવૃત્તિમાં એક સ્તંભ સમાં હતાં.

ખાદીનાં સફેદ કપડાં, વૃદ્ધ શરીર, બાપુની વાતો કરવામાં આનંદ માણતું હૈયું.

એ સન્નારીનું શુભનામ શ્રીસુશીલાબહેન ગાંધી. ગાંધીજીના સુપુત્ર શ્રી મણિલાલ ગાંધીનાં એ ધર્મપત્ની, એમનો વિશેષ પરિચય તો, ભારતના પ્રસિદ્ધ ચિંતનકાર શ્રી કિશોરલાલ મશરૂવાળાનાં ભત્રીજી.

પ્રવચનને અંતે શ્રીસુશીલાબહેન પૂ.શ્રીયોગેશ્વરજીને મળ્યાં એટલે વાતો કરતાં તેમણે જણાવ્યું :

આજે તમે (યોગેશ્વરજીએ) પ્રવચનમાં ગાંધીજીની નીડરતાની વાત કરી, ત્યારે મને મારા જીવનનો એક પ્રસંગ યાદ આવી ગયો :

અમે બાપુ સાથે સેવાગ્રામ રહેતા હતાં. એક સાંજે બાપુએ મને બોલાવીને કહ્યું : 'આ પત્ર છે તે હમણાં જ વર્ધા જઈને જવાહરલાલજીને આપી આવ.'

મેં કહ્યું : બાપુ, અંધારું થઈ જશે. સવારે જાઉં તો ના ચાલે?

બાપુ કહે : ફાનસ લઈને જજે. ડર લાગે છે ? ડર શાનો ? રામ સાથે નથી ?

મેં કહ્યું : બાપુ ! કોઈ સંગાથ હોય તો સારું.

બાપુએ એક નાની છોકરીનો સંગાથ બતાવી કહ્યું : જોજે ફાનસ તપાસીને લઈ જજે.

આશ્રમમાં ઘણાં ભાઈબહેનો ત્યારે ત્યાં હતાં. છતાં મને જ એ કામ સોંપાયું એટલે મેં કચવાતે મને હા પાડી.

વર્ધાથી સેવાગ્રામ દૂર હતું. રસ્તામાં જ અંધારું થઈ ગયું. તે દિવસોમાં લૂંટફાટ પણ થતી. ડર તો લાગ્યો. અંધારું થતાં જ

ફાનસ સળગાવવા પ્રયત્ન કર્યો. અંદર કેરોસીન તો હતું, છતાં ઘણા પ્રયત્ને પણ ફાનસ સળગ્યું જ નહીં. અંતે જોયું તો ફાનસમાં વાટ જ ન હતી. હવે શું કરીએ ? મેં મારા સાડલાની કિનાર ફાડીને વાટ બનાવી દીધી. ફાનસ સળગ્યું. રામનામ લેતાં લેતાં રાત્રે વર્ધા પહોંચી ગયાં. જવાહરલાલજીને પત્ર આપી દીધો. અમારો બીજે ઉતારો થયો. સવારે તે પત્રનો જવાબ લઈને અમે ફરી સેવાગ્રામ આવી ગયાં.

બાપુએ મને કહ્યું : મારે તો અહીં ઘણા સેવકો હતા. હું તેઓમાંથી ગમે તેને મોકલી શક્યો હોત. પણ મારે તને નિર્ભયતાનો પાઠ આપવો હતો. તેથી મેં તને જ મોકલી.

શ્રીસુશીલાબહેને પ્રસંગ પૂર્ણ કરતાં કહ્યું કે બાપુની જીવન ઘડતરની એવી પદ્ધતિ હતી.

પ્રવચન સ્થળેથી વિદાય થતાં પહેલાં મને થયું : ઓહો ! આ સન્નારી પાસે આવા તો કેટલાય પ્રસંગોનો ભંડાર હશે. એ ભંડાર આપણને મળે તો ? એટલે મારે મૌનવાર હોવાથી મેં લખીને પૂછ્યું, તો એમણે કહ્યું : મને તો બાપુની વાતો કરવામાં ખૂબ આનંદ આવે, આપણે જરૂર મળીશું.

અને એક દિવસ સાંજે શ્રી શાંતિભાઈના પ્રયત્નથી ડરબનમાં જ મુલાકાતનો કાર્યક્રમ ગોઠવાયો.

એકાદ કલાકની એ મુલાકાતમાં ઘણું પ્રેરક ભાથું મળ્યું.

પ્રશ્નોની શરૂઆત કરતાં મેં પૂછ્યું : આપ ગાંધીજીને પ્રથમવાર ક્યાં ને ક્યારે મળ્યાં ?

એ એક જ પ્રશ્નના પ્રત્યુત્તરમાં જ ઘણા ઘણા પ્રાણવાન પ્રેરક પ્રસંગોની તેમણે લહાણ ધરી.

એ વાર્તાલાપ એમના શ્રીમુખે જ સાંભળીએ :

મારી અગિયાર વર્ષની નાનકડી ઉંમરે અમને ઘરમાંથી બાપુના આશ્રમમાં રહેવા મોકલ્યાં. પણ અમે તો રડીને પાછાં ઘરે આવી ગયાં. ત્યારે જીવનમાં પ્રથમવાર જ બાપુને જોયા.

પછી વળી ૧૬-૧૭ વર્ષની વયે બાપુ અમારે ત્યાં અકોલા પધાર્યા હતાં. અમે પ્રણામ કરવા એમની પાસે ગયાં ત્યારે બાપુએ મારો કાન પકડીને કંઈક માગણી કરતા હોય તેમ પોતાનો હાથ લંબાવ્યો. હું સમજી નહીં. મારા કાનમાં હીરાનાં લવંગિયા(બુટ્ટી) હતાં તે માગ્યાં.

મેં મારા કાકા તરફ જોયું તો તેમણે કહ્યું : 'આપી દે.'

મારા કાકાએ કહ્યું એટલે મેં તે લવંગિયાં બાપુને આપવા માંડ્યાં, તો બાપુ કહે : 'એમ નહીં. એક શરત છે તે તું પાળે તો હું લઉં. શરત એ છે કે તારે હીરાની બીજી બુટ્ટી કરાવવી નહીં ને આ બુટ્ટી બાપુ પાસે ભવિષ્યમાં માગવી નહીં !'

શરત સાંભળ્યા પછી મેં બુટ્ટી (લવંગિયાં) બાપુને આપી દીધી. બાપુના દર્શનનો આ બીજો પ્રસંગ હતો.

**પ્રશ્ન :** આપ કસ્તુરબાને પ્રથમ વાર ક્યારે મળ્યાં ?

**શ્રીસુશીલાબહેન** : નાગપુર સત્યાગ્રહ સમયે જેલમાંના સત્યાગ્રહીઓને મળવા માટે કસ્તુરબા અમારે ત્યાં આવ્યાં હતાં. બાપુ જેવા મહાપુરુષનાં ધર્મપત્ની અમારે ત્યાં આવવાનાં હતાં, એટલે ઘરમાં આગળના ભાગમાં કસ્તુરબા માટે એક વિશેષ આસન મૂકવામાં આવ્યું હતું. પણ કસ્તુરબા તો ઘરમાં પ્રવેશતાંની સાથે જ રસોડામાં ચાલ્યાં ગયાં, ને રસોડામાં મદદ કરવા લાગ્યાં. અમે એમને આગળના ઓરડામાં આસન ઉપર

બેસવા ખૂબ આગ્રહ કર્યો. અમને ઘણો સંકોચ પણ થયો, પણ કસ્તુરબા તો સરળ અને સેવાભાવી હતાં. એટલે, તેઓ રસોડામાં જ રહ્યાં. એમનો એ પ્રથમ પરિચય.''

શ્રી સુશીલાબહેનના શ્રીમુખે અન્ય રસપ્રદ ને પ્રેરક વાતો થતી રહી :

મારો જન્મ મહારાષ્ટ્રમાં. શિક્ષણ પણ મેં મહારાષ્ટ્રમાં લીધું. ગાંધીજીના પરિવાર સાથે ૧૯૨૭થી લગ્નસંબંધે જોડાવાનું બન્યું.

લગ્ન કર્યા પછી તરત જ બા અને બાપુ સાથે મુસાફરી કરીને સાબરમતી આશ્રમમાં આવવાનું બન્યું. માર્ગમાં બાપુએ સોમવાર-મૌનવાર હોવાથી અમને લખીને વારંવાર સૂચના આપી કે, અમે નવદંપતી એકમેક સાથે બેસીએ, વાતો કરીએ, એકમેકને સમજવા પ્રયત્ન કરીએ. પણ એ પ્રથમવારની જ મુસાફરી હતી, જેથી એ બન્યું નહીં.

બાપુ મહાપુરુષ હતા, છતાં નાની નાની બાબતોમાં પણ તેઓ ઘણું ધ્યાન રાખતાં.

લગ્ન બાદ પ્રથમવાર જ સાબરમતી આશ્રમમાં અમે આવ્યા એટલે કંસારથી મીઠું મોં કરાવવાની કસ્તુરબાની ઇચ્છા હતી. પણ બાપુએ કહ્યું : 'તારે તો બધા જ પુત્રો સરખા. તું બધાંને કંસાર ખવડાવી શકે તો એમને ખવડાવ. પણ આપણી એવી શક્તિ નથી કે આપણે બધાંને તે ખવડાવી શકીએ.' બાપુની એ વિચારધારાને જાણ્યા પછી કસ્તુરબાએ તેમની વાત હસતે મુખે સ્વીકારી લીધી. માતૃહૃદયે કદાચ આઘાત અનુભવ્યો હશે, પણ આદર્શ પત્ની તરીકે કસ્તુરબાએ સાથ આપ્યો.

કસ્તુરબાએ બાપુના બધા જ આદર્શો પચાવ્યા હતા. ઘણા પ્રસંગોમાં બાપુના આદર્શોને સહધર્મિણી કસ્તુરબા સમજપૂર્વક સાથ આપતાં. ઘણીવાર કસ્તુરબા હસતાં હસતાં કહેતા : 'બાપુ તો મારા શંકર છે. ત્રીજું નેત્ર ખોલે એટલે સૌ ચૂપ થઈ જાય.'

સન ૧૯૩૪માં હું, બા અને બાપુ સાથે રહેતાં હતાં. ત્યારે કસ્તુરબા પોતાનાં કપડાં જાતે જ ધોતાં. મેં આગ્રહ કરીને એ સેવા માગી. હું બાનાં કપડાં ધોવા લાગી.

બાપુએ એ વાત જાણી એટલે મને બોલાવીને ઠપકો આપતાં કહ્યું : 'તું બાને બગાડી રહી છે. એ જાતે કપડાં ધૂએ છે તો પછી તું કેમ ધોવા લાગી ?'

મેં દલીલ કરતાં કહ્યું : 'હું મારા પતિનાં ને પુત્રનાં કપડાં ધોઉં છું, તો બા તો વડીલ છે. એમનાં કપડાં ધોઉં એમાં ખોટું શું છે ?'

અંતે મારી દલીલ સામે બાપુએ મને-કમને પણ મને કપડાં ધોવાની રજા આપી.

કસ્તુરબા બાપુની નાની નાની જરૂરિયાતનું પણ ખૂબ ધ્યાન રાખતાં. બાપુના કાગળો સાચવવાનું, બાપુને સમયસર દૂધ કે ફળનો રસ આપવાનું કામ બા કરતાં. મુસાફરીમાં બાપુની નાની છરી લેવાનું પણ તેઓ ભૂલતાં નહીં. એટલે બાની વિદાય પછી ઘણીવાર કંઈ નાની ભૂલ થતી ત્યારે બાપુ હંમેશાં કહેતા : 'બા હોત તો આવું ના થાત.' આમ, બાની ખોટ બાપુ પોતાના અંગત જીવનમાં ઘણીવાર અનુભવતા.

એકવાર અમે જગન્નાથપુરી પાસે ગાંધી સેવાસંઘની મીટિંગમાં ગયાં હતાં. બાપુ સાથે બા, હું કનુભાઈ ગાંધી,

દુર્ગાબેન, વેલાબેન વગેરે હતા. બે દિવસ પછી કસ્તુરબાને જગન્નાથજી જવાની ઈચ્છા થઈ. મહાદેવભાઈ પાસેથી રજા મેળવી અમે ગયાં. ત્યાંથી જગન્નાથજીના મંદિરમાં જવાની બાને ઇચ્છા થઈ. તેથી બા, દુર્ગાબેન ને વેલાબેન મંદિરમાં ગયાં. જે મંદિરમાં હરિજનોને પ્રવેશ ન હોય ત્યાં શા માટે જવું એ વિચારથી હું અને કનુભાઈ મંદિરમાં ન ગયાં. બહાર જ ઊભાં રહ્યાં.

સાંજે અમે જગન્નાથપુરીથી પાછાં આવી ગયાં, ત્યારે બાપુ સાંજે ફરવા જવાની તૈયારીમાં હતા. બાના ખભે હાથ મૂકી બાપુ આગળ ચાલ્યા. માર્ગમાં બાપુએ વાતો કરતાં પૂછ્યું : 'જઈ આવ્યા ? ક્યાં ક્યાં ગયાં હતાં ?' બાએ બધી જ વાત કરી. એટલે બાપુ તો નારાજ થઈ ગયા. કહેવા લાગ્યા : 'મારું કહ્યું ઘરનાં જ કોઈ કરતાં નથી !' મને બોલાવીને કહે : 'તેં કેમ બાને મંદિરમાં જવા દીધા ?' મહાદેવભાઈને બોલાવીને કહ્યું : 'તમે કેમ રજા આપી ? રજા આપી તો ક્યાં ક્યાં જવાનું છે એ કેમ ન પૂછ્યું ?'

સૌ ગભરાઈ ગયાં. વારાફરતી અમે સૌએ માફી માગી ત્યારે જ બાપુ શાંત થયા.

બાપુના આદર્શ સામે જો કોઈનાથી પણ નાનકડી ભૂલ થાય તો તેણે બાપુની નારાજગી વહોરી લેવી પડતી.

હું ૧૯૩૭-૩૮માં સેવાગ્રામમાં હતી. એકવાર સવારની સાડા ત્રણ વાગ્યાની પ્રાર્થનામાં હું ન ગઈ. થાકને લીધે ઊંઘી ગયેલી. સાંજે ફરવા જતી વખતે બાપુએ બોલીવીને પૂછ્યું : 'કેમ આજે તું પ્રાર્થનામાં ન દેખાઈ?' મેં હસતાં હસતાં કહ્યું : 'બાપુ !

પ્રાર્થનામાં 'વૈષ્ણવજન'નું જે ગીત ગવાયું એમાં તો કહેવાયું છે કે તમારા જેવા મહાપુરુષ જે કુટુંબમાં હોય તેના સંસર્ગથી એની ઈકોતેર પેઢી તરી જાય, તો તમારી સાથે રહીએ છીએ ને તમારા પરિવારનાં જ છીએ એટલે તમારાં દર્શન કરીને અમે તો તરી જઈશું.'

એ સાંભળીને બાપુ ખૂબ હસ્યા. પછી, ગંભીર થઈને મને કહેવા લાગ્યા : 'તું દર્શનનો અર્થ જાણે છે ?' મેં કહ્યું : 'ના.' ત્યારે બાપુ બોલ્યા : 'દર્શનનો અર્થ ફક્ત આંખોથી જોવું એટલો જ નથી થતો. પણ મહાપુરુષોને હૃદયમાં ઉતારવાના, એમના ગુણો ને ભાવો આપણા જીવનમાં ઉતારવાના. એવું દર્શન હૃદયમાં થાય ત્યારે જ દર્શન થયેલું ગણાય.'

એમ કહી બાપુએ મને એક નાનકડા પ્રવચન જેટલું સંભળાવ્યું. હું તો એ સાંભળી જ રહી. બાપુનો એ બોધપાઠ યથાર્થ હતો.

બાપુ પોતે તો જાગ્રત રહેતા જ, પણ બીજાં પણ જાગ્રત રહે તેવું તેઓ હંમેશાં ઈચ્છતા.

હું દક્ષિણ આફ્રિકાથી ભારત ગઈ હતી ત્યારે સેવાગ્રામ ગયેલી. ત્યાં બાપુની કુટિયા સામે જ બાની કુટિયા હતી. બાપુ દરરોજ તે દિવસોમાં સવારે બાની કુટિયામાં બા પાસે માલિશ કરાવવા આવે. એ નિમિત્તે બા સાથે બાપુ થોડીઘણી વાતો કરે. હું બાની કુટિયામાં જ હતી. તે સવારે હું મારી પેટી ગોઠવીને સ્નાન કરવા ગયેલી.

હું સ્નાન કરીને બાની કુટિયામાં આવી ત્યારે બાપુ આવી ગયા હતા.

અમે ગાંધી પરિવારનાં સૌ દરરોજ સવારે સ્નાન કર્યા પછી બાપુને પ્રણામ કરતાં. એટલે મેં તે દિવસે પણ પ્રણામ કર્યા, ત્યારે બાપુએ મારા કાન પકડ્યા. હું સમજી ગઈ. મારી કંઈ ભૂલ થઈ જ હશે. તેથી મેં તરત જ બાપુને પૂછ્યુંઃ 'બાપુ આ શાની શિક્ષા છે ?' બાપુએ ઉત્તરમાં પોતાનો હાથ લંબાવ્યો, તો બાપુના હાથમાં એક પેની હતી. મારી પેટીમાંથી તે નીચે પડી ગઈ હશે. બાપુએ તે જોઈને લઈ લીધી હતી. મેં તે પેની લેવા હાથ લંબાવ્યો. બાપુએ કહ્યું : 'એ તને નહીં મળે.' હું તો ઊભી જ રહી. બાપુએ તો નાનો વાર્તાલાપ આપવા માંડ્યો : 'તમે ફિનિક્ષમાં રહો છો. એ તો ધર્માદા ટ્રસ્ટ છે. તમે લોકો આમ એક પેની પણ વેડફો તે કેવું મોટું પાપ છે ? તને પેનીની કિંમત ન હોય પણ અમારા ગરીબ દેશમાં તો આ એક પેનીની ઘણી કિંમત છે. તું તો ફિનિક્ષની મહારાણી છે એટલે તને શી ખબર પડે ? હવે આ પેની હરિજન ફંડમાં જશે. તને નહિ મળે.'

હું તો ચૂપ થઈ ગઈ. આપણી પાસે એક નાની પેની હોય તે પણ ગમે તેમ વેડફાય નહીં. બાપુના એ સંદેશનો મને ખ્યાલ આવ્યો.

પૂનાની  પ્રાર્થનાસભાની એક તરફ નાની તારની વાડમાંથી એક ભાઈએ એક મોટો કરંડિયો આપતાં કહ્યું : 'આ કરંડિયો બાપુ માટે છે. એમને પહોંચાડો.' અમે તે કરંડિયો લઈ લીધો. બાપુને બતાવ્યો. બાપુએ કહ્યું : 'અંદર મકાનમાં લઈ જાઓ ને ખોલીને યોગ્ય ઉપયોગ કરો.'

અમે કરંડિયો અંદર મકાનમાં લઈ જઈને ખોલ્યો, તો અમને ખૂબ ખૂબ હસવું આવ્યું. શા માટે ? એમાં ફળ નહી, પથ્થરોયે

નહીં, પણ ફાટેલાં-તૂટેલાં જોડા-ચંપલો હતાં.

અમે બાપુને વાત કરી, તો બાપુએ કહ્યું; 'ચાલો, એનો પણ આપણે ઉપયોગ કરીએ. અહીં બહાર રસ્તા ઉપર ઘણા મોચીઓ બેસે છે. તેમને પૂછી આવો કે આવાં ને આટલાં ચંપલ-જોડા છે. તમે એનું શું આપશો ? અને એ રીતે પૂછતાં મોચીએ તે કરંડિયાના જોડા-ચંપલ પાંચ રૂપિયામાં ખરીદ્યાં. બાપુએ તે પાંચ રૂપિયા હરિજન ફંડમાં જમા કરાવ્યા.

બીજે દિવસે બાપુએ પ્રાર્થના સભામાં વાતો કરતાં કહ્યું : 'અમને મારવા માટે બૂટ-ચંપલો કોઈએ મોકલ્યાં, પણ તેમાંથી પણ અમે પાંચ રૂપિયા કમાયા ને તે હરિજન ફંડમાં મૂક્યા. ત્યાં તો સભામાંથી એક માણસે ઊભા થઈને વિરોધ કર્યો કે એ પાંચ રૂપિયા મને આપી દો. તેને હરિજનફંડમાં ન નંખાય. હું ભૂલતી ન હોઉં તો એ માણસ નથ્થુરામ ગોડસે જ હતો.

બાપુની વિદાય પહેલાં એણે ઘણી ઘણીવાર વિરોધ કરેલો.

સેવાગ્રામમાં બાપુની કુટિયા સામે જ અમે રાતે રેતીમાં ખુલ્લામાં શેતરંજી નાખીને સૂઈ જતાં. મને પહેલી રાતે ત્યાં ઊંઘ જ ન આવી. રાતભર પાસાં ફેરવ્યાં કર્યાં. ત્યારે હું દક્ષિણ આફ્રિકાથી ત્યાં ગઈ હતી. સવારે બાપુએ મને બોલાવીને પૂછ્યું : 'રાતે ઊંઘ ન આવી ? ફિનિક્ષમાં કેવી રીતે સૂએ છે ?' મેં કહ્યું : 'પલંગ ઉપર.' બાપુ કહે : 'તે પલંગ કેવા છે ?' મેં કહ્યું : 'સાધારણ ગાદલાવાળા.' વાતચીત ત્યાં જ પૂરી થઈ.

તે સાંજે બાપુએ એમના દીકરાને (મણીલાલ ગાંધીને) બોલાવ્યા ને બાપુએ કહ્યું : 'તું સુશીલાને બગાડી રહ્યો છે.' તેમને એ સાંભળીને નવાઈ લાગી. બાપુએ પલંગની વાત કરી.

શ્રી મણીલાલ ગાંધીએ કહ્યું : ‘બાપુ ! અમે હવે ફિનિક્ષ જઈશું ને ત્યારે ત્યાં પણ સાદાઈથી રહીશું.’

અને સાચે જ અમે ભારતથી પાછા ફર્યા ને ફિનિક્ષમાં આવ્યાં ત્યારે કાથીવાળા પલંગ ઉપર સૂવાનું શરૂ કર્યું. એ રીતે ઘણાં વરસો સુધી અમે સૂતાં. પાછળથી એ પલંગ ઉપર ફોમની તદ્દન પાતળી ગાદી નાખીને સૂતાં. હજી આજે પણ હું એ જ રીતે સૂવાનું પસંદ કરું છું.

જાન્યુઆરી ૧૯૪૮માં બાપુએ વિદાય લીધી. તેના એકાદ માસ પહેલાં જ હું બાપુને મળી હતી. ત્યારે મારી દીકરી બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી હતી. તેને ભારત એકલી મૂકીને મારે દક્ષિણ આફ્રિકા જવાનું હતું. મને સ્વાભાવિક ચિંતા થઈ. કોને વાત કરું ? બાપુને મારાથી એ વાત સહજ રીતે થઈ ગઈ. બાપુએ મારી ચિંતા જોઈને કહ્યું : ‘તું ચિંતા ન કર. ચાલ, આજથી એ છોકરીનો હું માબાપ બનું છું. તું શાંતિથી જા.’

બીજે જ દિવસે હું મુંબઈ આવી. ત્યાંતી સ્ટીમરમાં બેસીને દક્ષિણ આફ્રિકા પહોંચવાનું હતું. મુંબઈ હતી ત્યાં જ બાપુનો પત્ર આવ્યો. બાપુએ એમાં લખ્યું હતું : ગઈકાલે મેં તને ‘તારી છોકરીનો માબાપ બનીશ’ એમ કહ્યું છે. પણ આ દેહનો શો ભરોસો ? હું એનો માબાપ બની શકું એમ નથી. મારું વચન હું પાછું ખેંચી લઉં છું. તું કોઈ બીજી વ્યવસ્થા કરી શકે છે.

મને પત્ર વાંચીને નવાઈ લાગી. મારે તો સ્ટીમરમાં બેસવાનું હતું. તેથી એવી વ્યવસ્થા કરવાનો મારી પાસે સમય પણ ન હતો. એટલે હું કોઈ વ્યવસ્થા કર્યા વિના જ ફિનિક્ષ આવી.

અને એકાદ માસમાં જ બાપુએ આ દુનિયામાંથી કાયમ માટે વિદાય લીધી.

વાર્તાલાપની પૂર્ણાહુતિ કરતાં શ્રીસુશીલાબેન ગાંધીએ કહ્યું :

અમે તો નાનપણથી જ બાપુને એક સંતપુરુષ તરીકે જ જોઈએ છીએ. એવી જ શ્રદ્ધાભક્તિ બાપુ પ્રત્યે અમારી તો છે. જોકે બાપુ પાસે જવાનો અમને બહુ સમય મળતો નહી. નહીંતર અમે એમને હજુ વધુ સમજી શક્યાં હોત. બાપુ ક્યાં ? અને અમે ક્યાં ? એ સંતપુરુષને મન તો આખું વિશ્વ જ પરિવાર હતું.''

શ્રીસુશીલાબહેન ગાંધી સાથે વાર્તાલાપ પૂરો થયો. એ વૃદ્ધ સેવાભાવી સન્નારીએ અંતે મારી પાસે એક ભજન ગવડાવ્યું. અંતે અમે વિદાય લીધી.

વિશ્વવિભૂતિ ગાંધીજીને જોવાનું સદ્‌ભાગ્ય તો ન મળ્યું, પરંતુ એમના જ પરિવારના આ સ્ત્રીરત્નને મળીને મને વ્યક્તિગત રીતે ઘણો આનંદ થયો. વિશેષ આનંદ તો એ માટે કે, વિદેશની આ ધરતી ઉપર કે જ્યાં ગાંધીજી પણ રહ્યા હતા ત્યાં જ આ મુલાકાત થઈ.

ગાંધીજીના જીવન-પ્રસંગોમાંથી સેવા, સમભાવ, જાગૃતિ, સાદાઈ, નિયમિતતા, નિયમપાલનનો સંદેશ જેમ શ્રીસુશીલાબહેનને મળ્યો તે રીતે આપણને સૌને મળો એવી પરમકૃપાળુને પ્રાર્થના.

હરિઃ ૐ

**—શ્રી'મા' સર્વેશ્વરી**

# ॥ પૂ.શ્રી'મા'ને પત્રપ્રણામ ॥

## ॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો ॥

પૂજ્ય શ્રી ગુરુ ભગવંત દિવ્ય સ્વરૂપ પ્રાગટ્યદિન પર્વ નિમિત્તે 'સ્વર્ગારોહણ' તીર્થમાં શ્રીપ્રભુના શ્રીચરણોમાં શ્રદ્ધા સુમન અર્પણ કરવા પધારેલ સૌ ભક્તો પરમ ચૈતન્યમયી પૂજ્ય શ્રી શ્રી 'મા'ના દિવ્ય ચરણોમાં પાંચ દિવસના પર્વ પ્રારંભે શત શત પ્રણામ કરે છે.

'મા' ભગવતીનાં તેમજ ગુરુભગવંતનાં વિશેષ કૃપા અનુગ્રહે જ જીવનમાં સદ્‌ગુરુ સ્વરૂપે આપ પરમ તત્ત્વરૂપ પરમાત્મા સ્વરૂપોની પ્રાપ્તિ થઈ. આપ જ પથદર્શક બની શ્રી હરિએ કંડારેલા પ્રકાશપંથે યાત્રા કરવા અમને સૌને આપની કઠોરતમ સાધના દ્વારા પ્રેરણા ધરી રહ્યા છો. મનુષ્યજીવન આપે જ આપ્યું છે. તો એ જીવનને સાધના દ્વારા સજજ કરતાં કરતાં આપના પરમ સ્વરૂપને સમજતા થઈએ તેવા આશીર્વાદ માંગીએ છીએ. જેથી આપના પ્રસાદરૂપ આ જીવનને અંશતઃ સાર્થક કરી શકીએ.

પર્વ દરમિયાન શ્રી ગુરુ ભગવંતની જીવનલીલાનાં પ્રસંગોનાં દિવ્ય દર્શન સાથે આપની દિવ્ય વાણીનો શ્રવણપ્રસાદ પણ સૌને શ્રીગુરુલીલામૃત પ્રસાદરૂપે પ્રાપ્ત થઈ રહ્યો છે. અમે ઋણ સ્વીકાર સાથે આપના એ કૃપા પ્રસાદને સૌ વંદન કરીએ છીએ.

✻ **—સેવકવૃંદ 'સ્વર્ગારોહણ'**

**॥ પૂ.શ્રી'મા'ના દિવ્ય આશિષ ॥**

સ્વર્ગારોહણ આપણું સાચું ઘર છે એના..દરેક પ્રસંગ..ઘરના છે માટે aavvanu જ.. હોય ને ! ઘરમાં સૌ..સભ્યોની. હાજરી તો હોય જ ને ! તમને સૌને જોતા પ્રભુ આશીર્વાદ આપ્યા કરે છે આપણાં સૌનું સાચું સરનામું સ્વર્ગારોહણ છે તે યાદ રીખીએ JKM પ્રભુ bless you.

# ॥ 'સ્વર્ગારોહણ'માં સાધનાપર્વ ॥

## (પૂ.શ્રી ગુરુભગવંત દિવ્યસ્વરૂપ પ્રાગટ્ય પર્વ)

### (તા.૧૬/૩/૨૦૨૪ થી તા.૨૦/૩/૨૦૨૪)

'સ્વર્ગારોહણ'ના પાવન આંગણે નિત્ય અવનવાં પર્વો ઉજવાતાં રહે છે. સત્કર્મો આ ઉજવણીનો શણગાર છે. ભાવ-ભક્તિ તેની સંસ્કૃતિ છે અને પ્રત્યેક કલાકે મધુર સ્વરે કર્ણપ્રદેશને ગુંજિત કરતું 'ૐ યોગેશ્વરાય નમઃ' મંત્રગાન તેની શોભા છે.

પ્રણાલીગત પરંપરામાં વધુ એક ઉમેરણ કરતું તા.૧૬ માર્ચ થી ૨૦મી માર્ચ ૨૦૨૪ પાંચ દિવસનું 'સાધનાપર્વ' 'સ્વર્ગારોહણ'માં ઉજવાયું. લગભગ દોઢસોથી બસો જેટલાં ભાવિક ભક્તોએ પર્વનો લાભ લઈ ધન્યતા અનુભવી.

પ્રાતઃકાળે રોજ અતિનિયમિતપણે ધ્યાન, વંદના, પ્રણામ, પ્રાર્થના અને પ્રદક્ષિણાનાં પંચ ભાવદ્રવ્યોથી સાધકોએ આત્મ સ્નાનની મોજ માણી. DVDના માધ્યમથી પરમ પૂજ્ય ગુરુદેવ પ્રભુ શ્રીયોગેશ્વરજીનું દર્શન અને એમની અમૃતવાણીના શ્રવણે સાધકો પ્રભુની સૂક્ષ્મ સંનિધિથી તૃપ્ત થયા. શ્રવણ માટે મૂકાતી DVD પર્વને અનુરૂપ વિશેષતા ધરાવે છે. જેમાં ટૂંકી, સચોટ ઉપયોગી નિર્ભ્રાંત પ્રશ્નોત્તરી ધ્યાનાકર્ષક બની રહી. જેમકે-શ્રાદ્ધક્રિયા જરૂરી છે ?

—મૃત્યુ પછી જીવની શી ગતિ થાય છે ?

—જન્મ તુરત થાય છે ?

—મહાપુરુષોનાં દિવ્ય તેજોમય શરીર કેવાં હોય છે ?

—તેમાં જળ અને પૃથ્વી તત્ત્વ ના હોય ?

—ધ્યાન કયાં કરવું ? ભ્રૂકુટિ ? હૃદય ? કે બ્રહ્મરંધ્રમાં ?

—આત્મા શરીરમાં કયાં રહેલો છે ? વગેરે...

'સાધનાપર્વ'ના મહાપ્રસાદસમું પૂ.શ્રીગુરુદેવ પ્રભુજીના જીવનનું સાદ્યંત દર્શન કરાવતું પ.પૂ.'મા' સર્વેશ્વરી રચિત 'શ્રીગુરુલીલામૃત' છે. પૂ.શ્રી'મા'ના મધુર કંઠે તે ગવાયેલું, કથા સ્વરૂપે વર્ણવાયેલું ઉતકૃષ્ટ ભક્તિનું સર્વોત્તમ ઉદાહરણ છે. આ આખી રચનાને પેનડ્રાઈવના વૈજ્ઞાનિક ઉપકરણમાં મૂકી શ્રી હેમલભાઈ તેને લઈ આવ્યા છે. આ કીમતી પેનડ્રાઈવને કાષ્ટના કમળથાળમાં મૂકી સંકીર્તન સાથે પંચદેવની કુટિયામાં વિરાજિત કરવામાં આવે છે. બધા ભક્તો કુટિયાની અગિયાર પ્રદક્ષિણા કરી શ્રી લીલામૃતનાં એક અધ્યાયનું ગરબા સાથે ગાન કરી અભિવાદન કરે છે. અને સૌ આજના મૌન સાધનાપર્વમાં પોતપોતાને અનુકૂળ સાધન સાથે સાધનામાં પરોવાય છે.

સર્વ મંગલ ટ્રસ્ટના માનવંતા ટ્રસ્ટી શ્રીરાજુભાઈ જાની 'સાધનાપર્વ'ના પાંચ દિવસના આયોજનની રૂપરેખા રજૂ કરે છે. 'શ્રીગુરુલીલામૃત'ની પેનડ્રાઈવની ઉપયોગિતા, મહત્ત્વ અને જરૂરિયાત વિશે વાત કરતાં તેઓ કહે છે કે 'આ એક અમૂલ્ય દસ્તાવેજ છે. તમે તમારા પછીની પેઢીને આપેલો સર્વોત્તમ વારસો-વિરાસત છે. આથી મોટી કોઈ મૂડી હોઈ જ ના શકે !' 'સ્વર્ગારોહણ'માં દરેક કાર્યની શરૂઆતમાં અને અંતમાં બોલાતાં નવ મંત્રગાનનો અર્થ ? શા માટે ? તેની સ્પષ્ટતા-સમજણ પૂ.શ્રીની'મા'ની ડલાસ યાત્રા દરમિયાન ભક્તબાળ શ્રીનીતિની સાથે થયેલા નાનકડા છતાં જરૂરી વાર્તાલાપની વાત કરતાં કહે છે-નવ મંત્રગાનમાં ત્રણવાર ૐ યોગેશ્વરાય નમઃ નું ગાન પ્રભુજીનાં ત્રણ સ્વરૂપો બ્રહ્મા-વિષ્ણુ અને શંકરને સંકેતે છે. તો ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ત્રણવાર બોલીએ ત્યારે તે પરમ ત્રિદેવોની શક્તિ સ્વરૂપા શ્રીમહાકાલી-મહાલક્ષ્મી અને મહાસરસ્વતી છે. પૂ.શ્રી માતાજી, પૂ.શ્રીભીખીબા અને પૂ.શ્રીબાપુજી જે જગતનાં શક્તિસ્વરૂપ અને પિતૃસ્વરૂપની વંદના છે. આ ભાવના સાથે

નવ મંત્રગાનનો મહિમા જોડાયેલો છે તે વાત કરે છે. સમજણ સાથે કરાયેલા મંત્રગાન ફળદાયી બને છે.

'સ્વર્ગારોહણ' અને 'સત્કર્મ' બન્ને અભિન્ન છે. સાધનાપર્વે ત્રણ દિવસ વિશેષ સત્કર્મનું આયોજન કરવામાં આવ્યું છે. અંબાજીની કસ્તુરબા કન્યા વિદ્યાલયની આદિવાસી નિવાસીત ૧૫૦ છાત્રાઓને (ધોરણ ૬ થી ૧૨ સુધીની) ઉપયોગી એવી સ્કૂલબૅગ, ચોરસો, શેતરંજી, ટુવાલ, નાસ્તાની ડીશ, ગ્લાસ, નોટબુક, કંપાસ તેમજ બુંદી, ચવાણું અને ચીકીના પ્રસાદનું વિતરણ પ્રેમી ભક્ત શ્રીચંદ્રકાન્તભાઈ, શ્રીઅનસૂયાબહેન, શ્રીઅમૃતભાઈ, શ્રીઈન્દિરાબહેન, શ્રીભોગીભાઈ, શ્રીપદ્માબહેન, શ્રીઅરવિંદભાઈ, શ્રીજશુબહેન, શ્રીનંદુભાઈ, શ્રીકપિલાબહેન, શ્રીગૌરાંગભાઈનો પરિવાર, શ્રીસુશીલામાસી, શ્રીસંજયભાઈ, શ્રીવીણાબહેન અને શ્રીશાંતિભાઈ કનેરિયાના શુભ હસ્તે કરવામાં આવ્યું. આ ઉપરાંત અંબાજી તીર્થની આસપાસનાં જરૂરિયાતમંદ ૧૫૦ પરિવારોનાં બહેનોને જીવનજરૂરી ચીજવસ્તુઓમાં કરિયાણું (ચોખા, મગ, દાળ, લોટ, સાબુ, મીઠુ, ગોળ, ચણા ખાંડ) થાળી, ચોરસા, ઓઢણું અને પ્રસાદ તેમજ ચીકી આપવામાં આવ્યાં.

'સાધનાપર્વ'માં સંમિલિત થવા પૂ.શ્રીસુશીલામાસી સુપુત્ર શ્રીસંજયભાઈ અને પુત્રવધૂ શ્રીવીણાબહેન સાથે પધાર્યા છે. 'સ્વર્ગારોહણ'ના દ્વારથી લઈ પંચદેવની કુટિયા સુધી સૌ ભક્તો સુંદર હરોળમાં ગોઠવાઈ મધુર સંકીર્તનસહિત તેઓનો સત્કાર કરે છે. વંદે છે.

પર્વનો ત્રીજો દિવસ એટલે ૧૮ માર્ચ. પૂ.શ્રી ગુરુ ભગવંતનો દિવ્યલીલા પ્રાગટ્યદિન. પ્રાતઃકાળે ધ્યાન, વંદના, પ્રણામની બેઠક પછી તુરત (ખુલ્લી આંખે ધ્યાન કરતાં) પૂ.શ્રી'મા'ની Puerto Ricoની 'સાધનાની મોજ'ની વીડિયો

ક્લીપ દર્શાવવામાં આવે છે. આવી ત્રણ ક્લીપો અતિ મિષ્ટ પ્રસાદરૂપે માણી. અદ્‌ભુત...અદ્‌ભુત...અદ્‌ભુત..દર્શન છે. પૂ.શ્રી'મા'ની દિવ્યતા-વિરાટતાને જોતાં જ દંગ રહી જવાય !!! સુંદર, આકર્ષક, સાગરકિનારે પ્રકૃતિની વચ્ચોવચ પૂ.શ્રી'મા' સોહી રહ્યાં છે. પદ્માસનસ્થિત શ્વેત વસ્ત્રે દીપતાં શ્રી'મા'નું દર્શન બેહદ શાંતિ આપી રહ્યું છે. આ દેવી-મહાદેવી કોણ ? ક્યાંથી આવ્યાં ? ક્યાંનાં વાસી ? આંજી દેતા અનુપમ રૂપથી જ મુગ્ધ થઈ જવાય તેવું. તેમનાં આંતરબાહ્ય સૌંદર્યની સ્હાયબી મબલખ..મબલખ છે. પૂ.શ્રી'મા'નાં નેત્રો સ્થિર ને શાંત છે, નહીં દેખાતાં, છતાં અનુભવાતાં શ્રી વિગ્રહનાં સૂક્ષ્મ સ્પંદનોનો સ્પર્શ હૃદયને સતત ભીંજવી રહ્યાં છે. અચાનક મળેલો આ દર્શનપ્રસાદ જાણે ચિરકાળથી અતૃપ્ત સૂકી ધરતી પર આકસ્મિક કૃપાની વર્ષા થતાં આતમદેવ મોર બની થનગને તેવી દશા ભક્તહૃદયોની હતી. 'મા'નું મંગલમય દર્શન હાશ ધરી રહ્યું છે. અંતકાળે પણ આમ જ આવી ઊભાં રહેજો એવું કહેવાઈ જાય તેવું મનોહર દર્શન કરતાં ભાવવિભોર થઈ જવાય છે.

આજના વિશેષ દિને પુષ્પહારથી સુશોભિત પાલખીમાં પ્રભુજીનું સ્વરૂપ પ્રતિષ્ઠિત કરાય છે. શ્રીસુશીલામાસી, શ્રીઈલાબહેન, શ્રીવીણાબહેન અને સૌ સાધકભક્તો પ્રભુજીની પાલખીયાત્રામાં સંકીર્તન કરતાં જોડાય છે. કુટિયાની પરિક્રમા કરી 'યોગશૈવલ્યમ્' હૉલમાં સુંદર બેઠક પર સ્વરૂપને વિરાજિત કરાય છે.

આજે વિધિવત્ શ્રીગુરુલીલામૃતના પ્રથમ ભાગનું દર્શન શ્રવણ કરાવાય છે. જોતાં ને સાંભળતાં જ ઘડીક તો ઉર થંભી જાય તેવું અદ્‌ભુત દર્શન !!! અદ્‌ભુત કારીગરી !! શ્રીરાજુભાઈ પૂ.શ્રી'મા'ની કેટલીક નોંધ વાંચે છે. પૂ.'મા'—શ્રી

ગુરુલીલામૃતનું સર્જન ૧૯૮૬માં અમદાવાદમાં શ્રીસ્નેહલતા બહેન અને શ્રીશાંતિભાઈનાં ગૃહમંદિરે પૂ.'મા'નાં મૌન એકાંત દરમિયાન ૧૨ દિવસમાં થયું. લીલામૃતનાં ૧૪ અધ્યાયમાં પૂ.શ્રીની જીવનકથા પથરાયેલી છે. હે મહેતા સાહેબ, સ્નેહલતાબહેન આપ જયાં હો ત્યાંથી અમારા પ્રણામ સ્વીકારશો. (ૐ યોગેશ્વરાય નમઃ ત્રણવાર મંત્રગાન થાય છે.)

૧૯૮૮માં વિદેશની ધરતી પર L.A.માં શ્રીયોગેશ્વર લીલામૃતનું પારાયણ શ્રીભગવાનજીભાઈ ને શ્રીકંચનબહેનના ગૃહમંદિરે થયું. એ સમયે શ્રીભગવાનજીએ વીડિયોગ્રાફીની સ્વૈચ્છિક સેવા સ્વીકારીને એ ઐતિહાસિક પળોને કેમેરામાં ઝીલી અમર બનાવી. એ સત્કાર્ય માટે હે ભગવાનજીભાઈ, અમે આપનાં ઋણી છીએ. (ત્રણવાર ૐ યોગેશ્વરાય નમઃ ના મંત્રગાનથી સન્માનાય છે.)

શ્રીહેમલભાઈ મેહતાએ પૂ.શ્રી'મા'ના DVD સર્જનમાં ખૂબ મોટું યોગદાન આપ્યું છે. પાંચ વર્ષ પહેલાં હેમલભાઈને વિચાર આવ્યો ને લીલામૃતની પેનડ્રાઈવ ભક્તોને આપવાની ઇચ્છા કરી. તે સતત મુંબઈ, સુરત, અમદાવાદ, અંબાજી વચ્ચે ફરતા રહ્યા અને પાંચ વર્ષના પુરુષાર્થ પછી પ્રસાદના દસ ભાગો પૂ.ગુરુદેવ ને 'મા'નાં શ્રીચરણે ધર્યા છે. ત્રણ મંત્રગાન ૐ યોગેશ્વરાય નમઃ થી વધાવાય છે.

સૌનાં અંતરનો એક જ અવાજ છે હે હેમલભાઈ, પૂ.શ્રી'મા'પ્રભુજીનાં દિવ્યદર્શનનાં આવા જ મહાપ્રસાદ અમને આપતા રહેજો. શ્રીહેમલભાઈના આરોગ્યની ગુરુપ્રભુ હંમેશાં રક્ષા કરે તે માટેની પ્રાર્થના ત્રણવાર મંત્રગાનથી કરવામાં આવે છે.

શ્રીગુરુલીલામૃતના પ્રથમ ભાગનું વાહ ! અદ્‌ભુત દર્શન કરતાં કરતાં શ્રવણસુખ માણતાં માણતાં આનંદનાં મહાસાગરમાં

અવગાહન કરાય છે ! જાણે સાક્ષાત્ શ્રીપ્રભુજી સન્મુખ થઈ ગયા !! મધુર, મંગલ, સુખદ બાળસ્વરૂપ માતૃઅંકમાં શોભી રહ્યું છે. મધુર સ્મિત સંમોહિત કરી રહ્યું છે. અંતર ભાવવિભોર છે. વિશ્વની મહાન વિભૂતિની જીવનકથાનું શ્રવણ તે પણ પૂ.શ્રી'મા'નાં મધુર મધુર કંઠે કાવ્યમાં !! પરિતૃપ્તિ ધરનારું છે. ધ્યાન-સમાધિના સુખનો અનુભવ કરાવનાર છે. ઈશ્વર સાથે એકસૂત્રે જોડી દે છે. ગાનની મધુતા કથામાં સમરસ કરી અમૃતનો જાણે આસ્વાદ કરાવે છે ! ધન્યોઽસ્મિ ધન્યોઽસ્મિ...નો ઉદ્ગાર સહજ સરી પડે છે.

શ્રી ગુરુલીલામૃતનું આ ગાન ઉત્કૃષ્ટ ગુરુભક્તિ, સર્વોત્તમ સમર્પણ અને નિતાંત પ્રેમનું સર્વોત્તમ ઉદાહરણ છે.

૯૦ વર્ષની જઈફ ઉંમરે છેક વિદેશથી ખાસ 'સાધનાપર્વ'માં સંમિલિત થવા પધારેલાં પૂ.શ્રીસુશીલામાસીનું 'સ્વર્ગારોહણ' વતી શ્રીરાજુભાઈ જાની તેમજ સૌ સાધકભક્તો ગુલાબનું પુષ્પ અર્પણ કરી સન્માન-અભિવાદન કરે છે (તો શ્રી અશ્વિનભાઈ કાકા પુષ્પગુચ્છ અર્પણ કરી વિશેષ સન્માન પ્રગટ કરે છે.) પૂ.શ્રી માસી 'મા'—પ્રભુજીનાં વિશેષ સંસ્મરણોને તાજાં કરે છે. સર્વગ્રહોમાં સૂર્ય શ્રેષ્ઠ છે. તેમ કહી અનસ્ત સૂર્યરૂપાય-સૂર્યરૂપી જે આપણા મહાત્માજી છે તેમનું એક નવું સૂત્ર આજથી આપણે બોલીએ કહીને — ॥ ૐ અનસ્ત સૂર્ય રૂપાય યોગેશ્વરાય નમઃ ॥ આપે છે અને શ્રીતરલાબહેનનું સુખદ સ્મરણ કરે છે. શ્રીતરલાબહેને મહાત્મા શ્રીયોગેશ્વરજીની આત્મકથા 'પ્રકાશના પંથે' પરથી 'અધ્યાત્મનો અનસ્ત સૂર્ય' જીવનકથાનું નવસર્જન કર્યું તે વિશેષતાનાં ગુણાનુવાદ પૂ.માસી કરે છે.

શ્રીતરલાબહેન પ્રસંગોચિત ટૂંકું વક્તવ્ય આપતાં ઈશ્વરતુલ્ય બે વિભૂતિ વિશેષ વિશે વાત કરતાં કહે છે-એક પૂર્ણ બન્યા

(પૂ.શ્રીયોગેશ્વરજી) એક શૂન્ય. (પૂ.શ્રી'મા') એકે કશુ ના છોડ્યું (અસિદ્ધ)ને એકે પાસે પોતાની કશું ના રાખ્યું (સિદ્ધ). હિસાબ બરાબર થઈ ગયો. 'મા'પ્રભુજીનો !!

શ્રીહેમલભાઈ 'શ્રીગુરુલીલામૃત'ની પેનડ્રાઈવના વિતરણ પહેલાં આ ઉપકરણ તૈયાર કરવા પાછળનો અથાક પરિશ્રમ(મેન પાવર અને મનીપાવર)નો ટૂંકો ઈતિહાસ આપે છે. તેઓની સચ્ચાઈ ભરેલી, સરળ વાતોમાં એક સાચા ભક્તનું હૃદય સમર્પણ-ભક્તિ કેવી હોય ? તેનું સુંદર દર્શન કરાવે છે. અતિ વિનમ્ર શ્રીહેમલભાઈને લીલામૃતનું આ અમૂલ્ય ઉપકરણ પેનડ્રાઈવરૂપે તૈયાર કરવામાં પોતે શ્રેષ્ઠ નિમિત્ત બન્યા છે એનું લેશપણ અભિમાન નથી. પોતાને ખિસકોલી સમાન સામાન્ય સેવક ગણાવે છે. પૂ.શ્રી'મા' ભગવાન અને ભક્ત વચ્ચે પુલ બનાવે છે. મને ખિસકોલી બનાવી જેથી રેતીની બે ચાર કણ મૂકાઈ ! તેવું કહે છે. ભક્તોને પાસે બોલાવવા શ્રીહરિ આવી સાત્ત્વિક યોજના કર્યા કરે છે તેવું તેમને જણાય છે. હેમલભાઈની વિનમ્રતા, સત્યતા ને સરળતાને વંદન છે. વાસ્તવમાં આર્થિક રીતે, પરિશ્રમની દૃષ્ટિએ અને સમયનું મોટું યોગદાન માગી લેતું આ ભગીરથ કાર્ય પૂ.શ્રી'મા'ની કૃપાથી સંપન્ન થઈ રહ્યું છે તેવું શ્રીહેમલભાઈ ભારપૂર્વક કહે છે.

ટ્રસ્ટના વરિષ્ઠ ટ્રસ્ટી શ્રીરાજુભાઈ જાની લીલામૃતની પેનડ્રાઈવનું મહિમાગાન કરતાં ગદ્ગદ્ થઈ જાય છે. આ કોઈ સામાન્ય પ્રસાદ નથી. દર સોમવારે એક ભાગ જુઓ. તમારા બાળકને વારસામાં આ આપો. બીજું કાંઈ નહિ આપો તો ચાલશે. દુનિયાનાં વાવાઝોડા સામે સ્થિર રહેવામાં આ તેની ઢાલ બનશે. યુગના પ્રવાહ સાથે ટકી રહેવા, તમારું બાળક વિરોધો વચ્ચે એકલો પડી જાય ત્યારે આ 'મા' જ તેનું રક્ષાકવચ બનશે. તેનું મહત્ત્વ સમજી માણો તો જ આ કાર્યક્રમની સફળતા છે. આ

પેનડ્રાઈવનો પ્રસાદ પરિણામલક્ષી બનવો જોઈએ. તેવી સૌ ભક્તોને અનુરોધ કરે છે.

સૌ સાધકો પેનડ્રાઈવ, શ્રીકાલીમંદિરનો પ્રસાદ તેમજ 'સ્વર્ગારોહણ' પર્વનો પ્રસાદ મેળવી આજના સત્કર્મમાં નવમંત્રગાન સાથે જોડાય છે.

પર્વના ચોથા દિવસે પ્રભાતની ધ્યાન, વંદના, પ્રણામ અને પ્રાર્થનાની બેઠક પૂર્ણ થતાં પૂ.શ્રીસુશીલામાસીને દરેક ભક્ત એક ગુલાબનું પુષ્પ અર્પણ કરી શુભેચ્છા પ્રગટ કરી પ્રસાદ મેળવે છે. ભક્તો રક્ષમામ્‌ની ધૂન કરતાં...કરતાં...પૂ.શ્રીમાસીને વિદાય આપતાં 'સ્વર્ગારોહણ'નાં દ્વાર સુધી જોડાય છે.

આજે પણ ફરી 'સોનેરી સંધ્યાનું સુવર્ણ પ્રભાત' પ્રભુજીનું DVD દર્શનશ્રવણ તેમજ પૂ.શ્રી'મા'ની 'સંનિધિયાત્રા' DVD દર્શન કરી સૌ ભક્તોનાં ઉર ઉમંગે ઉભરાઈ રહ્યાં છે.

'સાધનાપર્વ'નાં ત્રણ વિશેષ સત્કર્મો પૈકીનું ત્રીજું સત્કર્મ આજે સંપન્ન થયું છે.

પર્વના અંતિમ દિવસે પ્રભાતની બેઠક બાદ DVD 'બુદ્ધિયોગ'નું દર્શન કરવામાં આવે છે. કેટલીક મહત્ત્વની સૂચનાઓ અને ભોજનપ્રસાદ બાદ બપોરે 'સાધનાપર્વ'ની પૂર્ણાહુતિ જાહેર થતાં સૌ ભક્તબાળ પોતે આ 'સાધનાપર્વ'માં સહભાગી બની શકવાની ધન્યતાની લાગણી સાથે હૃદયમાં સદ્‌ગુરુ પ્રત્યેનાં મબલખ પ્રેમ અને આભારની લાગણી અનુભવતાં પોતાનાં કર્મયોગની ભૂમિ તરફ જવા પ્રેરાય છે.

'ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુ, કાર્ય અમારું સફળ કર્યું,
અશક્યને તેં શક્ય કર્યું બિરુદ સ્વજનનું સત્ય કર્યું.'

**—સંકલન**

## ॥ પૂ.શ્રી'મા' સર્વેશ્વરી : મહિમાગાન ॥

અદ્‌ભુત...અદ્‌ભુતોત્તમ...અદ્‌ભુતોત્તમ !!!
અમે તો હરિ અંજાઈ ગયા
તવ રૂપ પ્રભાએ !!!
ઘડીક થયું કે ક્યાંથી પ્રગટ્યાં ???
આ...દેવ ? દેવ ?
કે
મહાદેવ ?????
બહુ...બહુ...બહુ જ બહુ...વિચારું
તોય મળે ન ઉત્તર એક !!
જોતાં વેંત જ ઓગળી જવાય છે
હૈયાનો શું વાંક ?
કયાંના વાસી ? કયાં જન્મ્યાં ? કયાં કર્યો છે નિવાસ ?
થાય એમ કે, આકાશેથી અવતર્યાં કે પૃથ્વીથી
પ્રગટ્યા સાદ્યંત ?
કે પછી કો દિવ્ય રથેથી ઊતર્યાં
તમે મહાદેવી !!!
સૃષ્ટિની સર્વ વિશેષતાના
શણગારે દેહ દીપે છે પરમદેવ તમારો.
અમૃતકુંભશા દેહે વરસે છે
લાલિત્ય ભરપૂર...!
બ્રહ્માજી પણ ભૂલા પડે કે આ
રચના છે કોની ??
મંદ...મધુર હાસ્યે શિવજી કહે કે,
એ છે પ્રકૃતિ મારી...શક્તિ મારી...
શિવા મારી...મહામાયા મારી.
શોભા અનુપમ માતૃમહિમાથી મંડિત
વિના કૃપા ના એ મળે ???
સૂર્યનું તેજ, ચંદ્રની શીતળતા, વાયુશી ગતિ ને

પ્રેમનો છે એ પુંજ.
દિવ્યાતિ દિવ્ય...પ્રસારી રહ્યાં છે
સુમધુર...સુંદર...સુવાસ...
વગાડી રહ્યાં શ્રીકૃષ્ણ વેણુને
કરતાં મુગ્ધ જગત !!!
ગંગાજી ગોમુખેથી પ્રગટ્યા,
યમુનાજી યમનોત્રિ, રેવાજી પ્રગટ્યા છે
અમર કંટકે ને લક્ષ્મીજી સમુદ્રે.
કહો મહાદેવી અવતરણ આપનું
કોને છે યશ દેતું ???
પ્રભુજી યોગેશ્વરજીનાં આરાધ્યા
આપ છો આદિશક્તિ ?
શાસ્ત્રો ગુણગાન કરવા અસમર્થ ! વેદો મથે
કરવા વખાણ !
શારદાશું રૂપ અનુપમ
શ્વેત વસ્ત્રે શોભતું સૃષ્ટિને કરે સુશોભિત !!!
કલ્પવૃક્ષ તો કરતું કામ જો
જાઓ પાસ એનાં.
અમી દૃષ્ટિ આપની
માતા હરતા સર્વ સંકટ
અભય આપનો વરદહસ્ત છે
કરતો નિત્ય નૂતન.
યોગેશ્વરી મા સર્વેશ્વરી અમને
પ્રભુજીએ દીધાં આપને !
વરદાન પરમ ઈશનું માત અમારી સાચી.
એક સનાતન શાશ્વત, વિશ્વશક્તિ માતૃસ્વરૂપે.
પરમમાતા તું
અમારી...અમારી...અમારી જ સાચી.
સાગર નીકટે બેસી સુહાઓ,
કરજો અમને ભવસાગર પાર...
અનંત...અનંત...પ્રણામ હરજી.

—એક પ્રતિભાવ

## ॥ દિવ્ય સંનિધિ યાત્રા—ગંગોત્રીથી ઉત્તરકાશીની પદયાત્રા ॥

મારા જીવનના ઉત્કર્ષમાં યાત્રાઓએ મોટો ફાળો પ્રદાન કર્યો છે. નાનપણથી જ ફરવાનો શોખ હતો. મને યાદ છે, હું જ્યારે સ્કૂલમાં ભણતો ત્યારે મોડી રાત સુધી એટલાસમાં નકશાઓને જોયા કરતો અને વિચારતો, ક્યારે હું આ બધા સ્થાનોમાં જઈશ ? પૂજ્ય શ્રી'મા' પોતાના બાળભક્તની આવી આંતરિક છૂપી ઈચ્છાથી અજાણ તો કેવી રીતે હોઈ શકે ? પૂજ્યશ્રી'મા', આપણા હૃદયના ખૂણામાં રહેલા નાનકડા વિચારને પણ જાણે છે, અને એટલે જ આજથી ૩૦ વર્ષ પહેલાં શરુ થયેલો એ યાત્રાનો યોગ આજે પણ અવિરત રીતે ચાલી રહ્યો છે. અ ધ...ધ...કહી શકાય એટલી બધી યાત્રાઓનો લાભ પૂજ્ય શ્રી'મા' એ આપ્યો છે. એમની સ્થૂળ સંનિધિ સાથેની પણ અનેક યાત્રાઓ કરાવી છે, તો કેટલીક યાત્રામાં દિવ્ય સંનિધિની અનુભૂતિ પણ કરાવી છે. દરેક યાત્રામાં માણેલી અવનવી અનુભૂતિ જાણે શ્રદ્ધાના થાળને પીરસતી રહી.

આ વખતે હરિદ્વારની યાત્રા વખતે મનમાં એક વિચાર સ્ફૂર્યો કે દર વખતની જેમ આ વખતે પણ પદયાત્રાનું આયોજન થાય તો ? બે વર્ષ પહેલા બાઈક ઉપર ચારધામ યાત્રા કરી હતી, ગંગોત્રીના માર્ગમાં અદ્‌ભુત કુદરતી સૌંદર્યને ફરી માણવાની ઈચ્છાથી ગંગોત્રીથી ઉત્તરકાશીની પદયાત્રા કરવાનું નક્કી કર્યું. પૂજ્યશ્રી'મા' એ પણ વાત જાણીને પ્રસન્નતા વ્યક્ત કરી અને 'સ્વર્ગારોહણ' આવ્યા પછી યાત્રા વિશે વિગતે વાત પણ કરી અંતરની ઊર્મિઓમાં આનંદની લહેર ફરી વળી, સૌને ફોન દ્વારા સંપર્ક કરી ગ્રૂપ બનાવી દીધું. એક દિવસમાં ૨૧ નામ નોંધાઈ ગયાં. બે ત્રણ દિવસ પછી રાત્રે એક વાગે પૂજ્ય

શ્રી'મા'નો ફોન આવ્યો અને પૂછ્યું, 'યાત્રા માટે કેટલાં નામ આવ્યાં ?' 'મા' ૨૧ નામ નોંધાયાં છે પણ હજી બે ત્રણ જોડાશે એવું અનુમાન છે.

બીજે દિવસે સવારે મને બોલાવી મારી સાત્ત્વિક માગણીને અનુલક્ષીને અમારા સૌના લાભાર્થે એક આશીર્વાદપત્ર આપ્યો. અને કહ્યું, **"'મા' તો, ચિઠ્ઠીના ચાકર."** જાણે આ એક વાક્યમાં ઘણું બધું કહી દીધું. ભક્ત અને ભગવાનના સંબંધોનો સાર સમજાય જાય એવી વાત કરી. સ્વયં ભગવાન જેના ચિઠ્ઠીના ચાકર હોય, તેના માટે હવે શું અશક્ય હોય ? આજે આ લખતી વખતે પણ પૂજ્ય શ્રી'મા' એ કહેવા એ શબ્દો યાદ આવે છે, ને નિશ્ચિંતતાની લહેર મનઅંતરમાં ફરી વળે છે. પૂજ્ય શ્રી'મા'નો 'આશીર્વાદપત્ર' એટલે 'યાત્રાના વિઝા'...જેના શબ્દો નીચે મુજબ છે :

**'હિમાલયના હે પવિત્ર પદયાત્રીઓ !**

**પ્રત્યેક પગલે પ્રભુને સ્મરજો, શોધજો, રક્ષાયેલા, પ્રેમ ને સંપથી જીવનપથ પર ચાલજો. પ્રભુપરાયણ જીવનને સ્મરીને સંયમ ને સાધનાથી જાતને સજાવજો. સર્વ દેવી દેવતાના આશીર્વાદ વરસજો.'**

આ આશીર્વાદપત્ર સાથે પૂજ્ય શ્રી'મા'એ, પોતાના શ્રીતનુનો સ્પર્શ પામેલી ગરમ ટોપીનો અમૂલખ પ્રસાદ સૌ યાત્રીઓ માટે ધરી દીધો. એક બે કે ચાર નહિ પણ પૂરી ૨૫ ટોપી ! કરુણા શું હોય ? એનું તાદૃશ દર્શન કરાવ્યું. એમની લૌકિક લીલામાં અનેકવાર આવી કરુણાને જોવા ને માણવા મળતી રહે છે. મને એમ થયું કે, પૂજ્ય શ્રી'મા' પાસે હવે કદાચ એક પણ ટોપી શેષ નહિ હોય, એટલે મેં કહ્યું, મા..સૌ પાસે પોતાની ગરમ ટોપી છે જ, તમે બે ચાર તો રાખો. પણ આ તો પ્રસાદરૂપી જાણે સંપૂર્ણ સ્વાસ્થ્યનું અભય વરદાન હતું.

એજ દિવસે પૂજ્ય શ્રી'મા' એ સ્થૂળ સ્વરૂપે વિદેશયાત્રા માટે 'સ્વર્ગારોહણ'થી પ્રસ્થાન કર્યું અને દિવ્ય સ્વરૂપે યાત્રાનું સુકાન સંભાળી લીધું. ૨૧ યાત્રીઓની એ યાદીમાં પાંચ નામ રદ થયાં તો ૧૦ નામ નવાં ઉમેરાયાં. જેમ અન્ન માટે એવું કહેવાય છે કે, 'દાને દાને પે લિખા હે ખાનેવાલેકા નામ'. એવું જ આ યાત્રા માટે કહી શકાય, 'હર એક રસ્તે પે લિખા હૈ ચલનેવાલે કા નામ.' કારણ, ભરતભાઈ, નિકુંજ, નિર્ભય, જતન, અમન આ બધા ૧૩ નવેમ્બર અને દિવાળી નિમિત્તે બે દિવસ માટે 'સ્વર્ગારોહણ' આવ્યા હતા, ને યાત્રામાં જોડાઈ ગયા. આ વખતે યાત્રામાં નવા અને યુવાનો વિશેષ હતા. એટલે કોઈએ રમૂજમાં કહ્યું, 'જો જો ધ્યાન રાખજો હો, કૌશિકભાઈ પણ છે યાત્રામાં.' એટલે કૌશિકે તરત જ કહ્યું, 'મેનેજરનું પદ હું 'સ્વર્ગારોહણ'ની ઑફિસના ડ્રોવરમાં મૂકીને આવ્યો છું.' પણ 'સ્વર્ગારોહણ'ની મહત્તા અને ગરિમાને જાળવવા માટે થોડી શિસ્ત પણ જરૂરી છે. પૂજ્ય શ્રી'મા' પણ પ્રસન્નતાથી એના આવા અભિગમના વખાણ કરતા હોય છે. આ યાત્રાના પાત્રોની પસંદગી પૂજ્ય શ્રી'મા'એ જ કરી હોય એવું લાગ્યું.

યાત્રામાં જવાના વિકલ્પ માટે અનેક અનિશ્ચિતતાઓને અંતે, છેવટે સૌએ પોતાની ગાડી દ્વારા જવાનું નક્કી થયું. ૬ ગાડી અને ૨૬ યાત્રી. નવા વર્ષના બપોરે ૨ વાગે પ્રસ્થાન પહેલાં કુટિયામાં સૌએ "વરદ હસ્ત"ની પ્રાર્થના કરી. મેં પણ મનોમન 'મા—પ્રભુ'ને પ્રાર્થના કરી કે, મા..મેં ઘણી યાત્રામાં તમારી કૃપાના પ્રસંગો અનુભવ્યા છે અને તમે સતત રક્ષા પણ કરો છો, પણ મા, આ યાત્રામાં સૌને પહેલેથી જ રક્ષાયેલા રાખજો, જેથી રક્ષા કરવાનો પ્રસંગ જ ઊભો ના થાય. નાનકડી પણ દુર્ઘટના કે અણબનાવ વગર યાત્રાને પૂર્ણ કરાવજો. એ પણ એક કૃપા જ ગણાય ને ! અને ખરેખર પૂજ્ય શ્રી'મા' એ,

"<u>**અમે તો ચિઠ્ઠીના ચાકર**</u>" એ ઉક્તિને સત્ય કરી બતાવી. છ ગાડી લઈને આટલી લાંબી મુસાફરી છતાં, કોઈ નાનકડી દુર્ઘટના પણ નહિ, કે કોઈની તબિયત પણ નથી બગડી, ના કોઈને કોઈનાથી મન દુઃખ થયું, કે ના કોઈ સામાન ભૂલી ગયું કે સામાન ચોરાઈ ગયો એવી નાનકડી પણ ઘટના નથી બની. સૌએ આનંદસ્વરૂપે યાત્રાને પૂર્ણ કરી સાચે જ આ બધું જ યાદ કરતા અંતરથી બોલાઈ જાય છે 'પૂજ્ય શ્રી'મા'નો જય જય કાર હો.'

પ્રાર્થના પછી ભક્તોના પ્રસાદ સાથે 'સ્વર્ગારોહણ' થી પ્રસ્થાન કર્યું. ભાઈબીજને દિવસે સવારે હરિદ્વાર પહોંચી ગયા. એ દિવસે હરિદ્વારમાં ગંગાસ્નાન તથા સ્વતંત્ર વિચરણનો સૌએ લાભ લીધો. બીજે દિવસે ૨૭ સીટરની બસ દ્વારા ગંગોત્રી માટે વહેલી સવારે પ્રસ્થાન કર્યું. બપોરના ભોજનનો કાર્યક્રમ આપણાં શ્રી અરુણાબેન અને શ્રી પ્રચેતાબહેન પંડ્યાના અનુરોધથી ઉત્તરકાશીમાં ગંગાકિનારે આવેલા એક રમણીય આશ્રમમાં કર્યો હતો.

આ આશ્રમ તે 'ગંગા સમદર્શન'. ત્યાંના નિવાસી સંન્યાસી સ્વામી શ્રી અક્ષયાનંદ સરસ્વતીએ પૂ.શ્રી'મા'નાં સર્વે બાળકોને ખૂબ પ્રેમપૂર્વક આગ્રહ કરીને જમાડ્યા. સ્વામીજી ખૂબ પ્રેમાળ તેમજ સૌજન્યશીલ લાગ્યા. દોઢ બે કલાકના વિરામ પછી અંધારું થતાં પહેલાં ગંગોત્રી પહોંચવાના ઉદ્દેશથી અમે ત્યાંથી ગંગોત્રીના રસ્તે આગળ વધ્યા ગંગોત્રીના દર્શનપટ હજી બે દિવસ પહેલાં જ બંધ થયા હતા, તો પણ આખો જ વિસ્તાર જાણે સુનકાર લાગ્યો. જેમ જેમ આગળ જઈએ તેમ તેમ વસ્તી પણ ઓછી અને વાહનોની અવરજવર પણ નહિવત જેવી હતી. લગભગ સાડા સાત થયા હશે, સંપૂર્ણ અંધકાર હતો, ને ઘણા ખરા અર્ધનિદ્રામાં હતા. ત્યાં જ ડ્રાઈવરનો અવાજ આવ્યો,

'ભાઈ આગે રાસ્તા બંધ હૈ, આ સાંભળીને તરત જ ઝબકીને બોલાઈ ગયું બધા 'વરદહસ્ત'ની પ્રાર્થના ચાલુ કરો.' જાણે સબ દર્દ કી એક હી દવા. પૂજ્ય શ્રી'મા'એ જાણે જીવનમાં નાની મોટી તકલીફોનો સામનો કરવા માટે આ એક અમોઘ શસ્ત્ર ધરી દીધું હતું. આ એક અસરદાર રામબાણ ઈલાજ છે. નીચે ઊતરીને જોયું તો થોડે દૂર એક મકાન પર રોશનીથી સુશોભન કર્યું હતું. ત્યાં જઈને જોયું તો એ ગાયત્રીનિકેતન. અમારા પ્રથમ દિવસનો ઉતારો હતો. મેનેજર અને બે ત્રણ યુવાન સેવકો સિવાય કોઈ ન હતું. આ હોટલમાં ફક્ત પાંચ જ રૂમ હતા. અને બીજા ત્રણ રૂમની બાજુની નાની હોટલમાં વ્યવસ્થા હતી. પરંતુ તેના રૂમ નાના અને બીજી સગવડોનો પણ થોડો અભાવ હતો, છતાં આપણી યુવાન મંડળીમાં જાણે ગળથૂથીમાંથી જ, 'ચાલશે ફાવશે અને ભાવશે'ના સંસ્કારો રેડાયા હતા. તરત જ એમણે સહમતિ દર્શાવી કે અમે નવ જણ ત્યાં જઈશું. જાણે એમના માટે સ્થાન કે સગવડો કરતાં સહયાત્રીઓનો સાથ મહત્ત્વનો હતો.

ઠંડીનો પ્રકોપ એની પરાકાષ્ઠા પર હતો. ગરમ પાણીએ સ્નાન કરવું પણ હિંમત માંગી લે તેવું હતું. પરંતુ યાત્રામાં થાક ઉતારવા માટે સ્નાન સિવાય બીજો કોઈ પર્યાય જ ક્યાં હતો ? સ્નાન કર્યા બાદ મન જાણે સ્ફૂર્તિની નવી દુનિયામાં અવગાહન કરવા માંડે છે. નાનકડા રસોડામાં સૌ માટે સાત્ત્વિક ભોજન તૈયાર કરાયું હતું. ભોજનાલય પણ પ્રમાણમાં નાનું હોવાથી વારાફરતી સૌએ ભોજન કર્યું. અને રૂમમાં આવ્યા પછી ધાબળા સિવાય બીજું કંઈ દેખાતું ન હતું. સવારે સાત વાગે નીકળવાનો પ્લાન હતો, પરંતુ સંજોગોને જોતાં એ કપરું હતું. છતાં સવારે ૮ વાગે સૌ મંદિરના પ્રાંગણમાં પહોંચી ગયા. સમૂહમાં સૌએ સવારની પ્રાર્થના કરી અને પછી સંકીર્તનની મોજ

માણી. ગંગામૈયાની ધૂન ને પદોથી વાતાવરણમાં એક અનેરો ઉત્સાહ ફરી વળ્યો. ભાઈ નીલેશની હાજરીનો પ્રભાવ સૌને રોમાંચિત કરી રહ્યો હતો. મંદિરનાં દ્વાર ભલે બંધ હતાં પણ ગંગાજી સ્વયં સૂક્ષ્મ સ્વરૂપે ત્યાં હાજર રહ્યાં હશે. પૂજ્ય શ્રી'મા'ના વિરલ બાળભક્તોને જોઈને પ્રસન્ન થઈ આશીર્વાદ વરસાવ્યા હશે. બરાબર નવ વાગ્યે "વરદ હસ્ત"ની પ્રાર્થના કરી યાત્રા પ્રારંભ પામી, અને ઈશ્વરકાકાનો સ્ટીલનો ડબ્બો ખુલ્લો, હવે તો આ ડબ્બો એ ઈશ્વરકાકાની ઓળખ બની ગયો હતો. શેનો હતો એ ડબ્બો ? તલના કચરીયાના સાત્ત્વિક પ્રસાદનો. જે યાત્રામાં કાકા હોય ત્યાં કચરિયાનો પ્રસાદ પણ હોય જ. સવારની ક્ષુધાને દૂધ અને કચરીયાના પ્રસાદથી રાહત આપી. સૂર્યનારાયણનાં કિરણો હવે પૂર્ણપણે રસ્તા ઉપર સૌને હૂંફ ધરી રહ્યાં હતાં. સૌ મંત્રમુગ્ધ બની ગંગાજીના શ્રીઅંકે ચાલી રહ્યા હતા. લગભગ બે કલાક પછી નાનકડા વિરામરૂપે ગુરુગીતાના ૧૧ પ્રકરણનું પારાયણ કર્યું. ગુરુના માહાત્મ્યને સમજવા માટે દરેકે તેનું પારાયણ કરવું જોઈએ. ગુરુને ઈશ્વર કરતાં પણ મહાન દર્શાવ્યા છે. એમાંય ભાઈ નૈતિકની વાંચનશૈલી સૌને આંતરમગ્ન બનાવી દેતી. પૂજ્ય શ્રી'મા'ના સામર્થ્યમાં શ્રદ્ધા વધારવા માટે 'ગુરુગીતા'નું પારાયણ ખૂબ જરૂરી છે. આખી યાત્રા દરમ્યાન ૫ કે ૬ વાર જ પારાયણ થઈ શક્યું. છતાં એક આનંદ હતો. પૂજ્ય શ્રી'મા'ની લૌકિક લીલાને સમજવા માટે ખૂબ ઉપયોગી થાય તેવી વાતોનો ઉલ્લેખ લખાયેલો છે.

માર્ગમાં આપણી યુવા મંડળીએ એક નાનકડી કેન્ટીનમાં હળવા નાસ્તા અને ગરમ પીણાથી પોતાની પેટપૂજા કરી લીધી, અને એક સરસ વ્યૂ પોઈન્ટ પાસે સૌએ સાત્ત્વિક, તત્કાળ શક્તિવર્ધક, અને તાજો મોસંબીનો રસ ગ્રહણ કર્યો. ત્રણ ચાર

કોથળા મોસંબીના અને રસ કાઢવાનું યંત્ર સાથે રાખેલું. જે આખી યાત્રા દરમિયાન ખૂબ જ લાભકારક રહ્યું. ભાઈ નીલને પોતાની ફોટોગ્રાફીની આવડત અને કુનેહને દર્શાવવાનો મોકો મળ્યો હતો. એટલે એને સારાં લાગતાં દ્રશ્યો અને પળોને એ વીડિયો અને ફોટો દ્વારા કેમેરામાં ઝીલી રહ્યો હતો. મોસંબીનો રસ પીધા પછી ભાઈ આશિષ, અશ્વિન, કનુ ને કૌશિકના પગમાં જાણે પાંખો ફૂટી હોય એમ સૌ કરતાં બે કલાક વહેલા આજના ઉતારા પર પહોંચી ગયા.

આજે લગભગ ૩૦ કી.મી.નું અંતર કપાયું, મોટા ભાગે ઉતરાણ વધારે હતું એટલે થોડી સરળતા રહી, લગભગ અઢી થી ત્રણ હજાર ફૂટ નીચે આવી ગયા. એટલે તાપમાન પણ ગંગોત્રી કરતા સારું હતું. ઉતારાનું સ્થળ પણ પ્રમાણમાં ઘણું સારું હતું. ઉતારાની તથા ભોજનની અનુકૂળતા ને લીધે સૌને આરામ રહ્યો. સવારે સમયસર સૌ તૈયાર થઈ ગયા. આજે સવારે દૂધને બદલે ગરમ સૂપનો પ્રયોગ કર્યો હતો. આપણી યુવા મંડળી કોઈપણ સેવા માટે તત્પર જણાતી. આજનું ગંતવ્ય સ્થાન ગંગનાની હતું જે લગભગ ૨૫ કિલોમીટર પર હતું. શરૂઆતનો દસ-બાર કી.મી.નો માર્ગ ચડાઈવાળો હતો. ઈશ્વરકાકા અને આપણા ડૉક્ટર હરેન્દ્રભાઈની મોટી ઉંમર છતાં દૃઢ મનોબળ સાથે આંતરિક શ્રદ્ધાનું દર્શન કરાવી રહ્યા હતા. ડૉ. હરેન્દ્રભાઈ વચ્ચે વચ્ચે સત્સંગ દ્વારા પોતાની અનુભૂતિની વિશેષ વાતો યુવાનોને પીરસી રહ્યા હતા. એમાં એમણે એક વાત ખૂબ અગત્યની કરી, એકવાર એમણે પૂજ્ય શ્રી'મા'ને પ્રશ્ન પૂછ્યો, 'મા' આપને કેવાં બાળકોને જોઈને આનંદ અને પ્રસન્નતા થાય ? તો પૂજ્ય શ્રી'મા' એ તરત ઉત્તર આપ્યો, **"<u>જેનામાં શ્રદ્ધા, પવિત્રતા અને આજ્ઞા પાલનની તત્પરતા હોય.</u>"** વેદ પુરાણનો સાર એક વાક્યમાં કહી દીધો. આવા લાભદાયી સત્સંગ પણ યાત્રાના કારણોમાંનું એકાદ

કારણ હોઈ શકે.

આજે પણ પગે પાંખવાળા ઝડપથી પહોંચી ગયા હતા. મારે ત્રણ ચાર કિલોમીટર બાકી હશે, ત્યાં મેં નીલ અને હર્ષકુમારને સામે આવતા જોયા, એટલે મેં પૂછ્યું, 'કેમ તમે ઊંધા જઈ રહ્યા છો ?' હતાશાભર્યા સ્વરે તેમણે કહ્યું, 'પૂજ્ય શ્રી'મા'ની આપેલી કાનપટ્ટી રસ્તામાં કે બસમાં ક્યાંક પડી ગઈ છે.' આખા દિવસના પરિશ્રમને અંતે વિરુદ્ધ દિશામાં ચાલવાની હિંમત અચરજ પમાડે તેવી હતી. મેં કહ્યું, 'હજી પાછળ પાંચ સાત જણ આવે છે, એમને ફોન દ્વારા જણાવી દો, એટલે એ લોકો લેતા આવશે,' તો એમણે તરત જ ઉત્તર વાળ્યો, 'ના...ના...આ તો પૂજ્ય શ્રી'મા'નો પ્રસાદ છે એ નહિ મળે ત્યાં સુધી ચેન નહિ પડે.' હું તો અવાક્ બની ગયો. હજી તો બે વર્ષ જ થયાં છે પૂજ્ય શ્રી'મા'ના પરિચયમાં આવ્યા ને...છતાં, પૂજ્ય શ્રી'મા' માટે આવો ભાવ ! એમની શ્રદ્ધાને અંતરથી વંદન.

કુદરતની અજાયબી તો જુઓ, ગંગનાનીમાં જ્યાં અમારો આજનો ઉતારો હતો, ત્યાં આવી ઠંડીમાં પણ ફળફળતા ગરમ પાણીની વહેતી ધારાના કુંડ, અંદર જો વધારે સમય પગ રાખીએ તો તળિયાં બળે, પણ થોડી વાર પછી સારું લાગે. દરેક યાત્રીએ કુંડસ્નાનનો લાભ લઈને થાકને હળવો કર્યો. આજનું ભોજન પણ સાદું અને સ્વાદિષ્ટ હતું. પરિશ્રમ અને નસકોરાના સંગીતને ગહેરો નાતો હોય છે. રૂમમાં એક બે જણાનાં વાજિંત્રો તો વાગતાં રહેતાં હોય છે. સવારે સાતની આસપાસ હું નિલેશ અને તારક તૈયાર થઈ ગયા. એટલે થોડા વહેલાં 'વરદહસ્ત'ની પ્રાર્થના કરીને ચાલવાની શરૂઆત કરી. ભાઈ તારક રસ્તામાં વીડિયો અને ફોટો માટે ક્યાંક રોકાયો, હું અને નિલેશ મંત્રમાં મગ્ન ચાલી રહ્યા હતા, ત્યાં જ પહાડની પગદંડી પરથી મુખ્ય

રસ્તા પર એક ભગવાધારી પ્રતિભાશાળી સાધુ આવ્યા. રસ્તાની સામેની બાજુ ગંગોત્રી જવાના માર્ગે જઈ રહ્યા હતા. સફેદ લાંબી દાઢી માથે જટા અને ભગવો લાંબો ગરમ કોટ. પગમાં બુટ અને મોજાં પણ ભગવાં. અને પાછળ એક બેગપૅક પણ ભગવી ને હાથમાં સ્ટીલની બોટલ હતી. ભગવાધારી સાધુઓનાં વસ્ત્રો આટલાં સ્વચ્છ ભાગ્યે જ જોવા મળે. ખૂબ જ પ્રતિભાશાળી એમનું મુખ હતું અંતરથી અહોભાવ થાય એવું એમનું એ દર્શન હતું. મેં નિલેશને કહ્યું પણ ખરું કે, 'ગંગોત્રી તરફ કોઈ અજ્ઞાત પર્વતમાં આવા મહાપુરુષો રહીને સાધના કરતા હશે.' થોડીવાર પછી એ રસ્તાની સામે બાજુ અમારી દિશા તરફ ચાલવા લાગ્યા. ચાલવાની ઝડપ સારી હતી એટલે અમારા કરતાં આગળ નીકળી ગયા અને લગભગ દસેક મિનિટ અમારી નજર સમક્ષ એ આગળ ચાલતા હતા. પાછળથી તારક પણ જોડાયો, અને એણે પણ એમને ચાલતા જોયા. આગળ એક નાનકડો વળાંક આવ્યો, અને અમે જેવા એ વળાંક સુધી પહોંચ્યા ને જોયું તો એ અદ્રશ્ય થઈ ગયા હતા. અમારા આશ્ચર્ય અને અચરજ વચ્ચે એકબીજાને પૂછ્યું, 'પેલા મહાત્મા કયાં ગુમ થઈ ગયા ?' થોડે આગળ યશપાલ ચાલી રહ્યો હતો. હું દોડતો એની પાસે ગયો, અને પૂછ્યું તારી પાછળ એક મહાત્માને ચાલતા તે જોયા હતા ? તો એણે તરત જ કહ્યું, હા, મેં જોયા હતા. તો કયાં ગયા ? એની પણ નવાઈનો પાર ના રહ્યો. તરત જ મનમાં ખાતરી થઈ ગઈ કે, પૂજ્ય શ્રી'મા' અને પ્રભુએ જ અમને દિવ્ય સ્વરૂપે દર્શન ધરીને સંનિધિનો અણસાર આપ્યો. હૃદય ગદ્‌ગદિત થઈ ગયું. એ વખતના મનોભાવોનું શબ્દમાં વર્ણન કરવું અઘરું છે. મનમાં થયું થોડો વાર્તાલાપનો લહાવો આપ્યો હોત તો કેવું સારું. છતાં યાત્રાની ફળશ્રુતિ સમી આ અનુભૂતિથી અંતરમાં આનંદ છવાઈ ગયો. સાચે જ આ એક દિવ્ય સંનિધિ યાત્રા હતી એની

ખાતરી કરાવી. આખી યાત્રામાં કોઈને એક નાનકડી આંચ પણ નથી આવવા દીધી. કુટિયામાં કરેલી પ્રાર્થના પ્રમાણે ચિઠ્ઠીના ચાકર બની એને સાચી ઠેરવી. હજી પણ આપણી શ્રદ્ધા ના વધે તો આપણા જેવા મૂરખ બીજા કોઈ નહિ.

આજનો ઉતારો અમારા માટે જાણીતો હતો. દોઢેક વર્ષ પહેલાં ''એક માસ હરિ કે નામ''ના કાર્યક્રમ હેઠળ અહીં એક મહિનો રહેવાનું થયું હતું. આજે રાત્રીરોકાણ ત્યાં જ હતું. પરંતુ જમવાનું આયોજન સ્વામીજીનાં પ્રેમાનુરોધ તેમનાં 'ગંગા સમદર્શન' આશ્રમમાં કર્યું હતું. સ્વામીજીએ બીજા પણ બે ત્રણ મહાત્માને અમારા સત્સંગ હેતુ બોલાવ્યા હતા. એમાંના એક મહાત્મા યુવાન વયના હતા. અને દરેક વિષયક એમની જ્ઞાનગોષ્ઠિ દ્વારા એક અનુભવસંપન્ન વ્યક્તિત્વ જણાતું હતું. એમના જ્ઞાનની ગહેરાઈને માપવાનો માપદંડ તો અમારી પાસે ન હતો. પણ એવું જરૂર લાગ્યું કે, ઈશ્વર, આવાં જ પાત્રોને માધ્યમ બનાવીને હિંદુત્વની રક્ષાનું મહાન કાર્ય કરી રહ્યા છે. હિન્દુત્વને વેગ ધરનારી એમની વિશિષ્ટ વાતોથી આનંદ થયો. સત્સંગને અંતે સૌને ચૉકલેટનો પ્રસાદ આપ્યો. સ્વામીજીએ ભોજનમાં વિવિધ વાનગીઓ બનાવડાવી હતી. શુદ્ધ શાકાહારી વિકલ્પને લીધે જ અહીંના આમંત્રણને સ્વીકાર્યું હતું. પૂજ્ય શ્રી'મા'ના સંસ્કાર પ્રમાણે એમની સંસ્થામાં દાનરૂપે યોગ્ય રકમ પણ અર્પણ કરી દીધી. જેથી મફત ભોજનનો દોષ ના લાગે.

છેલ્લે દિવસે ફક્ત ૧૬ કીલોમીટર હોવાથી સૌ વધારે જુસ્સાથી ચાલતા હતા. અને બપોરે બારથી એકની વચ્ચે સૌ કોઈ કાશી વિશ્વનાથ મંદિરે પહોંચી ગયા. પ્રભુને યાદ કરીને શિવજીને પ્રણામ કરી, પદયાત્રાની પૂર્ણાહુતિ કરી. પરંતુ યાત્રા હજી ચાલુ હતી. અમે સૌ મંદિરના પાછળના ભાગમાં બેસી શિવસ્તુતિ ને સંકીર્તનમાં મસ્ત બની ધૂન ને પદો લલકારવા

લાગ્યા. ભાઈ નિલેશના પહાડી અવાજથી દર્શનાર્થીઓ પણ અમારી આ મસ્તીને જોઈને પ્રસન્નતા વ્યક્ત કરી રહ્યા હતા. મને મનમાં થયું કે, 'મા' અમને શક્તિ આપજો કે, આવા જ જુસ્સા ને સંપથી પૂજ્ય શ્રી'મા' પ્રભુને જગમંચે પ્રસ્થાપિત કરી શકીએ. દરેકના મનઅંતરે યાત્રા વિના વિઘ્ને પૂર્ણ કરી શક્યા એનો સંતોષ હતો. લગભગ ત્રણ વાગે બસ દ્વારા ઉત્તરકાશીથી પ્રસ્થાન કરી આઠ વાગે દેવપ્રયાગ પહોંચી ગયા. બસ સ્ટેન્ડ પરની એક હોટલમાં રાત્રિ નિવાસ કરી, સવારે ૭ વાગ્યે સૌ શાંતાશ્રમમાં દર્શન અને પ્રભુનો આભાર માનવા પહોંચી ગયા. પ્રણામ, પ્રાર્થના, બાવની અને સંકીર્તનનો નિર્દોષ આનંદ માણ્યો લગભગ બપોરે એક વાગે સૌ હરિદ્વાર પહોંચ્યા.

પૂજ્ય શ્રી'મા'ના ગંગાજી માટેના પ્રેમને લીધે ભક્તોનો પણ ગંગાજી સાથે એક અનેરો સંબંધ બંધાઈ ગયો હતો. બપોરનો સમય હતો એટલે સૌએ ગણેશ ઘાટ પર ગંગાસ્નાન કર્યું અને ભોજન કરીને ચાર વાગે 'સ્વર્ગારોહણ' માટે પ્રસ્થાન કર્યું. પૂજ્ય શ્રી'મા'ની કૃપા ને લીધે આખી રાત ડ્રાઈવિંગ કર્યા પછી પણ સૌ તાજગીસભર 'સ્વર્ગારોહણ' પહોંચી ગયા. પ્રભુના ચરણોમાં મસ્તક નમાવી હૃદયથી આભારના પ્રણામ કરી સ્નાન બાદ સૌએ કુટિયામાં એકત્ર થઈ, 'ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુ', અને 'વરદ હસ્ત'ની પ્રાર્થના કરી યાત્રાની પૂર્ણાહુતિ કરી. 'સ્વર્ગારોહણ'થી શરૂઆત ને સ્વર્ગારોહણમાં જ પૂર્ણાહુતિ એને જ સાચી યાત્રા ગણી શકાય. સંપ અને સહકાર એ આ યાત્રાનું વિશેષ પાસું રહ્યું. સૌ ખૂબ પ્રેમથી એકબીજાને અનુકૂળ રહી સાફલ્યના વિજયધ્વજને ફરકાવી શક્યા એનો આનંદ હતો.

પૂજ્ય શ્રી'મા'નાં શ્રીચરણોમાં રાજીવના પ્રણામ.

**–શ્રીરાજીવભાઈ જાની**

# ॥ કાલીમંદિર તીર્થયાત્રા ॥

## (પૂ.શ્રીભીખીબા દિવ્ય સ્મરણદિન)

કાલીમંદિર તીર્થમાં પૂજ્ય શ્રીભીખીબાના દિવ્ય સ્મરણદિને શ્રીબાનું જગત પરનું ઋણ સ્વીકાર કરવા તેમજ શ્રી'મા'એ ૨૦ વર્ષ જેટલા લાંબા સમય પછી એ પ્રાગટ્ય ભૂમિમાં પધાર્યા હતાં તે દિનના સંસ્મરણો વાગોળવા એ સુખદ સંભારણાં સદાકાળ જીવંત રહે તે માટે સત્સંગનું આયોજન કરાયું હતું. હાલમાં ૧૬ માર્ચ થી ૨૦ માર્ચ શ્રી ગુરુભગવંત લીલાદિન પર્વની ઉજવણી તેમજ પરીક્ષાઓનું પર્વ હોવાથી સાધકોની સંખ્યા પાંખી હતી. સૌને હૃદયે ભાવ હોય પણ પૂજ્ય શ્રી'મા'ના કૃપા આશીર્વાદ સિવાય કોણ જઈ શકે ! લગભગ ૩૮ જેટલા સાધક ભાઈઓ/ બહેનોના નામ આવ્યા હતાં સુરત થી ૧૮ જેટલા સાધકો, વડોદરા થી ૮ જેટલા સાધકો, ઝનોરથી ૩ સાધકો, ભાવનગર થી ૩ સાધકો, અમદાવાદ થી ૧ સાધક, અને બીલીમોરા થી ૧ સાધક આવી શક્યા હતા. બપોરે ૨.૦૦ થી ૪.૦૦ દરમ્યાન કાર્યક્રમ આયોજિત કરેલ હતો પરંતુ કાલીમંદિર તીર્થના ગ્રામજનો અને સ્વજનો વહેલા આવી અને ભજનોની રમઝટ માણી હતી. આજ મારે આંગણે ઉત્સવ અપાર છે જેવા પદોથી પર્વને શણગારવાનો પ્રયત્ન કરતાં હતાં. ત્યારબાદ લગભગ ૨.૧૫ના નવ મંત્રગાન થી બેઠકનો પ્રારંભ થયો. બે સ્તુતિ થી પર્વનો પ્રારંભ અને ત્યારબાદ શ્રી પ્રેમસંગીતનું પારાયણ પ્રારંભ પામ્યું. પ્રેમસંગીત એ સનાતન સંગીત છે. પૂજ્ય શ્રી ગુરુભગવંતના આર્ત હૃદયે પાડેલા પોકારો સૌને અશ્રુભીનાં કર્યા

વગર રહે જ નહિ. કેટલો પ્રેમ, અને કેટલી વિનંતી, કેટલો તલસાટ, પૂજ્ય શ્રી પ્રભુપ્રેમની હેલી કેવી હતી તે આપણે શ્રી પ્રેમસંગીતમાં અનુભી શકીએ. રૂંવાડા ઊભાં થઈ જાય તેવા, હૃદયસોંસરવા ઊતરી જાય તેવા અક્ષરદેહ. શ્રી ભગવાનને પ્રગટવું જ પડે એવા ભાવ સાથે રચાયેલું છે. એ ફક્ત ગાવા માટેનું સંગીત નથી પણ પ્રભુને પામવાનો આદર્શ પથ પણ છે. પ્રભુને કેમ પ્રસન્ન કરવા અને પ્રભુના દર્શનને કેમ પામવાં તેના સત્ય ઉપાયો, અનુભૂતિઓ છે. મીઠો ઝગડો પણ છે. પ્રભુ સાથે સંવાદ કરવાનું પણ એમાંથી શીખવા મળે એવા એ અણમોલ સંગીતનું પારાયણ એટલે જ એ પ્રેમસંગીત. અને પૂજ્ય શ્રી'મા'ના પરિચયમાં આવ્યા પછી સૌના હૃદયઅંતરે આ સંગીત ગુંજતું જ હોય છે. ગુંજતું હશે જ. તેનું પારાયણ બહુ સરસ રીતે પૂર્ણ થયું. ત્યાર બાદ શ્રીમાસીને આજના દિને શ્રી બાનાં સંસ્મરણો વિશે થોડી વાતો કરવાનું કહ્યું. શ્રી માસીનું વ્યક્તિત્વ ખૂબ સરળ અને સાદગીભર્યું છે. રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા છે. પણ ક્યાંય એનો ભાર નથી. એક સામાન્ય સાધકની જેમ બધાંની પાછળ જ બેઠાં હતાં. કોઈ વિશેષ બેઠકનો કે આગળ બેસવાનો કોઈ આગ્રહ નહિ. અને પૂજ્ય શ્રી'મા'ના ભગિની તરીકે પણ આવી કોઈ છૂટ તેઓ લેતાં નથી. ખૂબ પ્રેમાળ અને ખૂબ સરસ તેઓને દેવો દ્વારા વરદાનમાં પ્રાપ્ત થયેલ સુમધુર કંઠ..આપણને સૌને એમ જ થાય કે સાંભળ્યા જ કરીએ અને સાંભળ્યા જ કરવાનું મન થાય એવા. શ્રીસુશીલામાસી. શ્રીમાસીએ 'સ્વર્ગારોહણ'ના નિત્ય પ્રાર્થનામાં સ્થાન પામેલ 'કર્પૂરવને 'મા' દેવી સર્વેશ્વરી' પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુના ૧૦૮ નામ અને 'દળી બની દીક્ષિત' એ પૂજ્ય શ્રી'મા' માટે રચાયેલ પૂજ્ય

શ્રી'મા' તરફ પોતાના પ્રગટ પ્રેમ એટલે 'મા' લીલામૃતની અદ્ભુત રચના કરી છે. જે જે રચનાઓ છે તે અપ્રતીમ છે. અને તેમને તે કંઠસ્થ છે. હૃદયના ભાવો અદ્ભુત છે. પૂજ્ય શ્રીમાસીએ ઘણાં બધાં સંસ્મરણો વાગોળ્યા, પૂજ્ય શ્રી'મા'ને પણ ગાવાનો કેવો શોખ હતો તેની વાત પણ કરી પૂજ્ય શ્રી'મા' ગાતાં પણ એકદમ ધીમે ધીમે ગાતાં અને બાજુવાળાને પણ ખબર ના પડે એવા ધીમા અવાજે ગાતાં. પૂજ્ય શ્રી'મા'એ સુશીલા માસીને આગળ અભ્યાસ કરવા સંજયભાઈની જવાબદારી પણ સ્વીકારી તે બધી વાતો કરી. શ્રી સંજયભાઈ જ્યારે નાના હતા ત્યારે તે માસી સાથે સુવે તેવી તેમની ઈચ્છા હતી પરંતુ શ્રીસંજયભાઈ તો બા સાથે સૂવાનું પસંદ કરે એટલે રાત્રે બંનેની વચ્ચે સૂતા હોય તો પણ પોતાના હાથે બન્ને માતા અને બાના શ્રી મુખ પર હાથ ફેરવી અને નક્કી કરી લેતા કે કોણ માતા છે અને કોણ બા અને પછી બા તરફ મુખ રાખી સૂતા અને બાના નાકમાં તે વખતની પહેરવાની ચુની જેવી જણસ પરથી તે બાને પરખતાં આમ એ સંજયભાઈના શૈશવના બાળ સંસ્મરણો વાગોળ્યા. બધા એકલીન થઈ શ્રવણ કરવામાં રત હતાં. પૂજ્ય શ્રી'મા'ના ગુણો પણ ઉજાગર કરતાં રહેતાં. એક વડીલ મોટાં બહેન તરીકે નહિ જોતાં. પૂજ્ય શ્રી'મા'ને પણ પૂર્ણ સમર્પિત ભક્ત હોય તેમજ આપણને અનુભવાતું. શ્રીમાસી એ સૌનો આભાર વ્યક્ત કર્યો. બધાને પોતાને ગૃહે પધારવા આમંત્રણ પણ આપ્યું. ત્યાર બાદ આદરણીય શ્રીહસુભાઈએ આ પ્રસંગે શ્રીમાસીના અથાગ પ્રયત્ન અને પૂજ્ય શ્રી'મા'ને પ્રેમ ભરેલા આગ્રહને માન આપી અને કાલીમંદિરના સ્વજનો અને ગ્રામજનો પ્રેમ ને વશ પૂજ્ય શ્રી'મા' પધાર્યા. તે અંગેની વિગતે વાતો કરી. શ્રી હસુભાઈ પણ

'મા' મય થયા છે. પૂજ્ય શ્રી'મા'ના આગમનની અનિશ્ચિતતા વચ્ચે પૂજ્ય શ્રી'મા'એ આપેલ વચન અને એક દિવસના વિશ્રામની વાત કરી. અરે ગામના દરેક ગૃહમાં પૂજ્ય શ્રી'મા'ના પ્રવેશ અને દરેક ગૃહમાં પૂજ્ય શ્રી'મા' દ્વારા પ્રસ્થાપિત કરેલ સ્વરૂપ અને પ્રસાદની વાતો વાગોળી હતી. કોઈ ઘર બાકી ના રહે તે રીતે દરેક ગ્રામજનોને મળ્યા અને એ રીતે પૂજ્ય શ્રી'મા' સમગ્ર ગ્રામજનોના હૃદય સામ્રાજ્ય પર પ્રેમની દેવી તરીકે પ્રસ્થાપિત થયા. હે'મા' આપના એ કરુણા સ્વરૂપ, આપના પ્રેમાળ સ્વરૂપ જગત જનની 'મા'ને અમારા અબજો અબજો પ્રણામ પ્રણામ. કૃષ્ણ બની દરેક ગોપી સાથે દ્રશ્યમાન થવાની કલ્પના આ ઘટના થી સમજી શકાય. અરે ત્યારે સત્કર્મ માટે પણ ૧૦ લાખ રૂપિયાનો ચેક પણ અર્પણ કર્યો હતો. કારણ કાલીમંદિરના આંગણે સત્કર્મનો પ્રારંભ માટે સૌ યુવાનોને પૂજ્ય શ્રી'મા' એ આહવાન કર્યું હતું. શ્રીહસુભાઈનો ખૂબ ખૂબ આભાર એક અતિશય નમ્ર ભક્ત પુરુષ સેવા માટે સદાયે તત્પર. જ્યારે કાલીમંદિરમાં કોઈપણ કાર્યક્રમ હોય ત્યારે હંમેશાં સાધકોને ભોજનપ્રસાદ આપવા માટે આગ્રહ કરતા હોય, વિનંતી કરતા હોય છે. પણ આપણે આપણી મર્યાદાને લીધે હંમેશાં તેમને પ્રેમથી ના કહેવું પડતું. કાલીમંદિરતીર્થનું ગૌરવ વધારે એવા સેવાનો ભેખ ધરનારને વંદન. શ્રીસંજયભાઈએ પણ સરસ વાતો કરી અને બાળપણનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં. પૂજ્ય શ્રી'મા' એમની શાળાની ફી ભરી દેતા હતાં અને ત્રણ સ્વજનો તરફથી તેમને ફીના પૈસા મળતા અને અન્ય વિદ્યાર્થીની સરખામણીમાં તેમની પાસે હંમેશાં શ્રીલક્ષ્મીના ભર્યા ભંડાર રહેતાં તે વાતો પણ કરી. પૂજ્ય શ્રી'મા'એ સંજયભાઈની

નહિ. અનેક વિદ્યાર્થીઓની ફી ભરી અને તેમને પગભર બનાવ્યા છે. અરે આપણા પરિવારમાં કોઈપણ એવા સાધક નહિ હોય કે જે પૂજ્ય શ્રી'મા'ના શ્રીલક્ષ્મીના પ્રસાદ થી વંચિત હોય. નાના હોય કે મોટા હોય, ગરીબ હોય કે અમીર હોય, સૌના પર પૂજ્ય શ્રી'મા'એ અનન્ય અનુગ્રહ કરી કૃપા આશીર્વાદ વરસાવ્યા છે. શ્રીસંજયભાઈ ખૂબ નાના હતા એટલે જેટલું સ્મરણમાં હતું તે બધી વાત કરી અને પૂજ્ય શ્રી બાનાં સંસ્મરણો વાગોળ્યા. શ્રીહિમાંશુભાઈએ પૂજ્ય શ્રી'મા'ના દિવ્ય સંદેશ રસને બધા સાધકોની વચ્ચે પ્રસારિત કર્યો. હે'મા' આપનો ખૂબ ખૂબ આભાર. કાલીમંદિરમાં અગિયાર પ્રણામ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો ગ્રામજનોને બધાને શ્રીસુશીલામાસી તરફથી સરસ પ્રસાદ મળ્યો છે. અને ત્યાર બાદ સૌ બસ સ્ટેન્ડ ફળિયામાં શ્રીસુશીલામાસીના નિવાસ સ્થાનમાં આવી પહોંચ્યા અને ત્યાં વરદ હસ્તની પ્રાર્થના અને નવમંત્ર ગાનથી પર્વની પૂર્ણાહુતિ કરીએ છીએ. શ્રીમાસી દ્વારા સરસ પ્રસાદની વ્યવસ્થા કરી છે. સૌને પ્રેમથી, આગ્રહ કરીને પ્રસાદ પીરસવામાં આવ્યો. અને પ્રસાદ પછી સૌ સાધકને ઘરે લઈ જવા માટે મોટું મીઠાઈનું બોક્સ પણ મળે છે. શ્રીમાસી સૌને પ્રેમથી હસતા હસતા ભાવુક થઈ વિદાય આપે છે. કાલીમંદિરના સૌ સ્વજનો ખૂબ પ્રેમાળ છે. સૌ આનંદથી છલકાઈ અને વિદાય થઈએ છીએ. પૂજ્ય શ્રી'મા' અનેકના જીવનમાં કેવી ક્રાંતિ કરે છે. બા ના આ પ્રેમાળ પરિવારને નતમસ્તક થઈ વંદન કરી ફરી જયારે આવવા મળે ત્યારે પાછા આવશું એવા શુભ સંકલ્પ સાથે વિદાય થયા.

**–શ્રીઅશ્વિન કાકા**

# ॥ મહાકાલેશ્વર-ઓમકારેશ્વર યાત્રા ॥

## (યુવાયાત્રા—૨૦૨૪)

જય કૃપાળુ મા...

'યુવાયાત્રા-૨૦૨૪' તા.૨૯/૦૩/૨૦૨૪ થી તા.૩૧/૦૩/૨૦૨૪ દરમ્યાન "મહાકાલેશ્વર-ઓમકારેશ્વર યાત્રા" યોજાવામાં આવી હતી. આ યાત્રાના મુખ્ય સૂત્રધાર શ્રીતેજસભાઈ અને શ્રીરૂચિતભાઈ દ્વારા આ સાહસનું કામ ઉપાડી લેવાયું હતું સાથે તેમની યુવા કોર કમિટીના સભ્યો એવા સુકૃતિબેન, કૃપાબેન, નિત્યાબેન, ઝરણીબેન, પવિત્રાબેન, પ્રણવભાઈ, અમનભાઈ અને બીજલબેનનો અનેરો સાથ-સહકાર પ્રાપ્ત થયો હતો. તે યુવાનો સ્વચ્છ પ્રતિભા ધરાવતાં, પ્રમાણિક, શ્રદ્ધાવાન, ધૈર્યવાન, તેજસ્વી યુવાનો, ઉત્સાહથી ભરપૂર યુવાનો, પૂજ્ય શ્રી'મા'નો પડ્યો બોલ ઝીલનાર યુવાનો, પૂજ્ય શ્રી'મા'માં અખંડ શ્રદ્ધા ધરવાનાર યુવાનો કહી શકાય એમાં કોઈ અતિશયોક્તિ નથી જ.

પૂજ્ય શ્રી'મા' દ્વારા આ યુવાનોએ યાત્રા માટે રજૂ કરેલી યાત્રા માટેની રજૂઆત પૂજ્ય શ્રી'મા'એ માન્ય રાખી હતી. યુવા યાત્રાના ભાગ રૂપે ૪૫ વર્ષથી નીચેના બાળકો/યુવાનો માટે આ યાત્રા યોજવામાં આવી હતી. અને નાના બાળકોને તેમના માતા/પિતાને સાથે આવવાનું ફરજિયાત હતું. આ યાત્રામાં હું તો ૫૬ વર્ષનો સૌથી નાનો બાળક હતો. મને સૌથી નાનાં બાળક/વડીલ તરીકે સહભાગી થવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું હતું. તે સૌએ પૂજ્ય શ્રી'મા' પાસે કોઈ એક વડીલને સાથે રાખવાની આજ્ઞા લઈ યુવા કમિટીના સભ્યોએ સાથે મળી મને સહભાગી બનાવવા વિચાર્યું હતું. હું એ માટે પૂજ્ય શ્રી'મા' અને સહુ યુવાન મિત્રો કે જેમને મને સાથે લઈ જવા વિચાર્યું તેમનો ઋણી રહીશ. જો આ યાત્રામાં હું સહભાગી ન થયો હોત તો મેં કેટલું બધું નવું

શિખવાનું ગુમાવ્યું હોત. એમ હું વિશ્વાસથી કહી શકું. તા.૨૭/૦૩/૨૦૨૪ના જ મને રજા મળી અને હું યાત્રામાં જવા સજ્જ થયો. શ્રીરૂચિતભાઈ અને તેજસભાઈ જેવા યુવાનો સાથે યાત્રામાં જોડાવવાનો અનેરો થનગનાટ થયો કારણ પૂજ્ય શ્રી'મા'ના પ્રિય યુવાનો ! આમ જોવા જઈએ તો પૂજ્ય શ્રી'મા'ને બધા જ યુવાનો પ્રિય છે. પણ જે પારકા માટે પરિશ્રમ કરે તેને, જેનામાં કોઈ વિશેષતા છે. તેને, પૂજ્ય શ્રી'મા' હંમેશાં વધાવે છે. જેનામાં કંઈ કરી બતાવવાની અસીમ સંભાવનાઓ છે. એ સૌ યુવાનોને પૂજ્ય શ્રી'મા' પોતાની સંપત ગણે છે. શ્રીરૂચિતભાઈએ યાત્રાના પ્રારંભે પૂજ્ય શ્રી'મા' પાસે પત્ર આશીર્વાદની કામના કરી હતી. અને પૂજ્ય શ્રી'મા' એ તુરત જ કૃપા આશીર્વાદ મોકલી આપ્યા હતા.

## ।। પૂ.શ્રી'મા'નો આશીર્વાદ-પત્ર ।।

યોગેશ્વરાય નમઃ તા.૨૭/૦૩/૨૦૨૪

પોર્ટોરીકો

સ્વર્ગારોહણનું ભાવિ જેમના હાથમાં છે તે યુવાપેઢી યાત્રા કરશો ? કોના દર્શન માટે ? શા માટે ? શું પામશો ?

વિવિધ કલ્પનાઓ સાથે, વિવિધ ગણત્રીઓ સાથે યાત્રા સત્યપથથી પ્રારંભ પામશે.

પ્રભુએ કેવું સરસ નામ આપ્યું સત્યપથ. (સતોપથ-હિમાલયમાં તીર્થક્ષેત્ર છે) આપણી જીવનયાત્રા સત્યની પગદંડી ઉપર પ્રારંભ પામશે. ભગવાન શ્રીશંકરના દર્શન માટે. યાત્રા શા માટે કરશો તે યાત્રાથી જીવનની કોઈ નવી દિશા ઉઘાડવા ? દરેક યાત્રા પછી આપણે પલટાવું પડે. પરિવર્તન માટે નિયમો સાત્ત્વિક લેવા પડે પ્રત્યેક યાત્રાના પ્રત્યેક પગલાં જાગૃતિથી ભરવા પડે.

સમૂહજીવનની સાત્ત્વિક તાલીમ સ્વર્ગારોહણમાં મળી જ છે. આપણી આ યાત્રા જીવંત શક્તિપીઠ સમા સ્વર્ગારોહણના નામે

ઓળખાશે. તો તેને ગૌરવ ધરી શકાય એવું જીવવાનું છે શિસ્ત, સત્સંગ, નિયમો સાથે સજાવવાની છે.

યાત્રી તરીકે ભાગ લેનાર દરેક પોતે જ સૂત્રધાર. પોતાની જાતના પોતે જ ચોકીદાર. જાગ્રત યુવાભક્ત બનીને શ્રીરૂચિતભાઈ-શ્રીતેજસભાઈના આદેશને સ્વીકારવા તૈયાર રહેવાનું છે.

સત્સંગની વાતો સાંભળજો. સાથે મળી પ્રાર્થનાઓ—પદો ગાવાના છે. સૌ યાત્રીઓ સગાભાઈ-સગીબેન છે તો સૌ એકમેકને સહાયક થવાનું યાદ રાખજો.

આ માનવદેહ જ જીવંત મંદિર છે દેવોના દેવ મહાદેવ આ દેહમાં જ બિરાજે છે તેને શોધવા તે દેવને જાગ્રત કરવા શિવસ્તુતિ શિવમંત્ર સાથે તમે સૌ સજ્જ છો.

અભિનંદન. યાત્રાનાં આયોજકોને યાત્રીઓને યાત્રા સુરક્ષિત હજો. સફળ હજો.

આ ‘મા’ને પણ તમે બધા કોઈકવાર તમારા આ યાત્રાના રથમાં જગ્યા આપશો ને તમારા જેવા શ્રદ્ધાળુ, સમર્પિત, શક્તિસ્ફૂર્તિથી ઊભરાતા યુવા ભક્તો જ સ્વર્ગારોહણનું સાચું ધન છે. પવિત્ર સંપત છે. તમારા સૌ સાથે ‘મા’ને પણ યાત્રા કરવાનું ગમે છે. ભવિષ્યની કોઈ યાત્રામાં ‘મા’નું નામ પણ લખજો. આશીર્વાદ પ્રભુના.

પૂજ્ય શ્રી‘મા’નું સંબોધન છે. કે સ્વર્ગારોહણનું ભાવિ જેમના હાથમાં છે તે યુવા પેઢી. પૂજ્ય શ્રી‘મા’એ પ્રશ્નોનો થી શરૂઆત કરી છે. કે યાત્રા કરશો ? કોના દર્શન માટે ? શા માટે ? શું પામશો ? પૂજ્ય શ્રીપ્રભુએ સત્યપથ કેવું સરસ નામ આપ્યું. વિવિધ કલ્પનાઓ સાથે, વિવિધ ગણતરીઓ સાથેની યાત્રા સત્યપથ થી રાત્રે પ્રાર્થના પછી પ્રારંભ પામી. સત્યપથના દ્વારે શ્રીમનીષભાઈનો પરિવાર અને જયશ્રી બેન અને રાજશ્રીબેન હંમેશાંની જેમ યાત્રીઓની સેવા કરવા તત્પર જ ઊભા હતા.

વરદ હસ્તની પ્રાર્થના, યાત્રાના આરંભે, મંત્રગાન અને પાંચ પ્રણામ સાથે બેઠક પૂર્ણ થાય છે. સૌને એક ગુલાબનું ફૂલ, લીંબુની શરબતની એક બોટલ, એક ફરાળી ચેવડાનું પૅકેટ સાથે કાજુ કતરીનો પ્રસાદ અને સૌથી અગત્યનો પ્રસાદ પૂજ્ય શ્રી'મા' તરફથી એક રૂપિયાનો સિક્કો હતો પણ તે એક રૂપિયાના સિક્કાને એક લાખ સમજી ગ્રહણ કરવાનો હતો. આજે સૌ એ પ્રસાદ પામી ધન્ય બન્યા છે. અને મનોમન અમીરાઈનો અહેસાસ અનુભવતા. પૂજ્ય શ્રી'મા' કેટલી સરસ રીતે સૌને યાત્રામાં જતા પહેલાં કૃપાઆશિષની હેલી વરસાવે છે તે સૌએ ખુલી આંખે દર્શન કર્યું. અને પૂજ્ય શ્રી'મા' જ આ કાર્ય કરી શકે પૂજ્ય શ્રી'મા'ના શ્રી ચરણોમાં ભાવ પ્રેમથી વંદન કર્યા જાણે યાદ આવે શ્રી ચરણો છે સર્વદુ:ખનિવારક.

શ્રીતેજસભાઈ અને શ્રીરૂચિતભાઈએ એમના આયોજન પ્રમાણે સરસ રીસોર્ટનું બુકીંગ કરાવ્યું છે. અને કાર્યસૂચિ પણ તૈયાર કરી છે. આમ કહો તો એકદમ માઈક્રો પ્લાનીંગ કર્યું છે. અને જો આયોજન મુજબ જો બધું થતું હોય તો કદાચ કોઈને કશું શિખવા જ ના મળે ! 'એના દોર્યા નકશા ન વંચાય' આપણે ભલે ગમે તેટલું આયોજન કરીએ પણ આપણા માટે જે સૌથી શ્રેષ્ઠ આયોજન કયું છે. તે આપણને ખબર નથી હોતી તે તો પૂજ્ય શ્રી'મા'ને જ ખબર હોય છે. કે મારાં આ બાળકો માટે કઈ વ્યવસ્થા સૌથી ઉત્તમ છે. અને આપણને તે જ પ્રમાણે દોર્યા કરે છે.

રાત્રે બે બસોમાં લગભગ ૬૫ જેટલા યાત્રીઓ યાત્રા માટે પોતપોતાની બસમાં ગોઠવાયા. રસ્તામાંથી રસોઈ માટેનાં વાસણો તેમજ અન્ય સામગ્રી સાથે તેમાં પારંગત એવા તેમના કર્મચારી ગોઠવાયા. મધ્યપ્રદેશમાં ગુજરાત જેવા રસ્તાઓ નથી. બસ સતત ઉછળ્યા કરતી હોય છે. અમારી બસ નાની હતી અને તે સતત મોટી બસને પકડવા મથતી અને મથવામાં ને મથવામાં લાંબા જોડે ટૂંકો જાય, મરે નહિ તો માંદો થાય તેવો ઘાટ ઘડાતો. સારથિભાઈ

સાથે એ બાબતની ચર્ચા પણ કરી કે ભાઈ થોડી શાંતિથી બસ ચલાવશો તો અમને જરા પણ વાંધો નથી. પણ તે ભાઈ પોતાના મૂળ સ્વભાવ પ્રમાણે જ ચલાવવા ટેવાયેલા હશે. એટલે એમાં કંઈ થઈ શકે તેમ નહોતું. પણ પછી ખબર પડી કે એમાં બસના સારથિનો કોઈ વાંક નથી. લગભગ ૬૪ થી ૬૫ યાત્રીઓમાં બહેનોની સંખ્યા વધારે છે. ૩૫ જેટલી બહેનો છે. અને લગભગ ૨૯ જેટલા ભાઈઓ છે. રાત્રીનો સમય હોવાથી તે સારથિભાઈ બન્ને બસો સતત સાથે રાખવાનો પ્રયત્ન કરતા રહેતા. જેથી કોઈ અણધારી મુશ્કેલી આવી પડે તો એનો રસ્તો નીકળે. આ વિચાર સાથે પરિસ્થિતિનો સ્વીકાર અને સમાધાન થઈ શક્યું.

લગભગ સવારના ૯.૦૦ની આસપાસ નક્કી કરેલા રિસોર્ટ પર પહોંચી જઈએ છીએ. પણ ત્યાં પહોંચ્યા પછી એક નવી જ આફત આવી પહોંચી. ખબર પડી કે આ રિસોર્ટનો ચૅક ઇન સમય બપોરે ૧૨.૦૦ વાગ્યાનો છે. અને રિસોર્ટના મેનેજર તથા ટૂર ઑપરેટરની ચર્ચામાં અણસમજને લીધે આ પરિસ્થિતિ સર્જાઈ હતી. પણ હવે શું ! રાત્રીનો બસનો થાક અને ઉજાગરાએ સૌને પરેશાન કર્યા હતા. કારણ બસ તો ઘણી સારી અવસ્થામાં હતી લગભગ ૩ મહિના જેટલી જ જૂની બસ હતી. પરંતુ ખરાબ રસ્તા સામે બસ પણ લાચાર હતી. અને બસના સારથિને પણ હોટલના મેનેજરે કહ્યું કે તમને મારી બાજુની હોટલમાં આઠ રુમ છે તે તમને અપાવી દઉં પણ બધા જ યાત્રીઓ મક્કમ હતા. ના અમે આ જ રિસોર્ટમાં રહીશું ભલે તમે ધીમે ધીમે રૂમો આપતા રહેજો. બધાની જાણે એ જ ભાવના ભાત છોડીશું પણ સાથ નહિ. બીજું મહત્ત્વનું એ હતું કે કોઈ યાત્રીઓએ ફરીયાદ કરી નથી. કે નથી કોઈએ મોં બગાડ્યું. બધાએ સહજ પણ પૂજ્ય શ્રી'મા'ની જ આ યોજના હશે એમ માની આ યોજનાને વધાવી લીધી. અને સૌ જ્યાં જગ્યા મળી ત્યાં બેઠાં કે ઊભાં ઊભાં પોતાને રૂમ મળે એની રાહ જોતાં હતાં.

અને બાળકો સૌ હીંચકા પર અને બાગમાં આનંદ લૂંટતા હતા.

હવે આ ઓચિંતી અણધારી આવી પડેલી આફતને અવસરમાં પલટાવી દે એવી ઘટના બને છે. જેમ રૂમ મળતા ગયા તેમ બહેનોની વ્યવસ્થા પ્રથમ કરવાનું રૂચિતભાઈ અને તેજસભાઈએ વિચાર્યું પણ ભાઈઓનું શું ? ત્યાં જ ભાઈ, અમન, હર્ષભાઈ અને નિત્ય બેટ અને બોલ લઈ ક્રિકેટ રમવાનું વિચારે છે. પણ તે લાવવા કયાંથી અને તેઓ નિર્ણય કરે છે. કે બજારમાંથી લઈ આવીએ. અહીં બજાર ખૂબ નાનું છે. એટલે એ લોકો લગભગ ૧૫ થી ૧૭ કીલોમીટર દૂર જઈએ સાધનો લઈ આવ્યા. અને સૌ યુવાનો અને બાળકોએ ક્રિકેટની મઝા માણી. રિસોર્ટની બહાર બન્ને બાજુએ સરસ મોટા લીલાછમ ઘાસવાળા બાગ હતા. તેમાં જ સૌએ આનંદ માણ્યો હવે આ કાર્યક્રમ પેલા આયોજકોના માઈક્રો પ્લાનીંગમાં તો ક્યાંય નહોતો. પણ પૂજ્ય શ્રી'મા' કહે છે. કે યુવાનો ધારે તે કરી શકે પણ તમારી ઈચ્છાશક્તિ પ્રબળ હોવી જોઈએ. તો તમે સૌ આગને પણ બાગમાં ફેરવી શકો, તમે સૌ શક્યતાઓની સંભાવનાથી ભરેલા નવયુવાનો છો. તમે જ સૌ 'સ્વર્ગારોહણ'ના ભાવિ છો તો હે યુવાનો, આવી જ ઈચ્છાશક્તિથી 'સ્વર્ગારોહણ'નાં સૌ કામ માટે સજ્જ થજો અને થશો જ એવી તમને સૌને મારી પ્રાર્થના છે.

લગભગ ૧૨.૦૦ થી ૧૨.૧૫ સુધી બધાના ઉતારાની વ્યવસ્થા થઈ ગઈ છે. અને સૌને સમય અપાઈ ગયો છે. કે ૨.૦૦ વાગ્યા સુધી સૌ તૈયાર થઈને આવી જાય જેથી ઓમકારેશ્વરના મંદિરે મહાદેવનાં દર્શને જવાનું છે. આજે સૌને બીજલબેન તરફથી ટોપી પ્રસાદમાં મળી છે અને રૂચિતભાઈ તરફથી સૌને આઈ કાર્ડ દોરી સાથે મળ્યા છે. ત્યાં બીજી એક આફત આવી પડી. જે રીક્ષાવાળા ભાઈઓ અમને મંદિરે લઈને જવાના હતા તેમણે કહ્યું કે મંદિરમાં બહુ લાઈન છે. લગભગ ૫ થી ૬ કલાકે દર્શન માટે નંબર આવે તેમ છે. એટલે આયોજકોએ તે જ ક્ષણે નિર્ણય લીધો

અને બધા જ યાત્રીઓ પાસે રજૂઆત કરી કે લગભગ ૫ થી ૬ કલાક દર્શન માટે લાગે તેમ છે. તમારે શું કરવું છે ? તો બધાએ એકી અવાજે આ નિર્ણયને વધાવી લીધો કે અમે જે કાર્ય માટે સજ્જ થઈ આવ્યા છીએ તો ઓમકારેશ્વરનાં દર્શન કરીશું જ ભલે જે સમય લાગતો હોય તે લાગે. અને પછી ભાઈઓ બધા ધોતી-કુર્તામાં સજ્જ હતા. સાથે મંજીરાં અને શંખ નાની ડફલી અને ડમરુ વગેરે સાથે લઈ લીધું અને એક રીક્ષામાં લગભગ ૧૨ થી ૧૪ યુવાન સાધક ભાઈઓ બહેનો ઓમકારેશ્વર મંદિરે પહોંચીએ છીએ. વાદળછાયું વાતાવરણ છે. અને ગરમી પણ છે. પણ આ ગરમી આ યુવા ભાઈઓ બહેનોને ડગાવી શકે એમ નથી. એટલા ઉત્સાહથી હર હર મહાદેવના ૐ યોગેશ્વરાય નમઃ ના નારા ગાતાં ગાતાં રસ્તેથી પસાર થઈ રહ્યા છીએ. સૌની નજર અમારા સૌના પર છે. કેટલાય લોકો યાત્રીઓની વીડિયોગ્રાફી કરતાં જોવા મળ્યા. અમારી યાત્રામાં શ્રીપ્રણવભાઈ અને નિત્યા બહેનને ફોટો અને વીડિયોગ્રાફીની સેવા આપવા માટે પસંદ કરાયા છે. તેઓ દોડતાં દોડતાં આ બધી ઘટનાઓને કેમેરામાં કેદ કરી રહ્યાં છે. અને કેમેરાઓ પણ ઉત્સાહ વધારવામાં પાછા પડે એવા નથી ! અને ત્યાં શ્રી નર્મદાજીનાં દર્શન થાય છે. ત્યાં નર્મદાજી ઓમ આકારે વહી રહ્યા છે. ત્યાં ઓમકારેશ્વર બંધ પણ આવેલો છે. ત્યાં ઝૂલતા પુલ પરથી નીચે નજર કરતાં બોટો નજરે પડે છે. બહુ બધી બોટો છે. ઝૂલતા પુલ પૂરા થતાની સાથે જ ઓમકારેશ્વર મંદિરના પરિસરમાં પ્રવેશતાં પહેલાંથી જ બહુ મોટી લાઈન છે. અમે સૌ પણ તે લાઈનમાં શિસ્ત રાખી ઊભાં રહ્યાં સૌએ પગરખાં બહાર ઉતારી દીધાં છે. અને અમે સૌ પણ તેનો એક ભાગ બની ગયાં. પછી 'હર હર મહાદેવ હર' ના ગગનચુંબી નારા ગુંજતા કરતાં રહીએ છે. ત્યાર બાદ સૌ પૂજ્ય શ્રી'મા' દ્વારા સૂચન કરેલ શિવપૂજા શરૂ કરીએ છીએ. ઘણાં બધાં અનિષ્ટ તત્ત્વો લાઈન તોડીને વચ્ચે વચ્ચે ઘૂસીને અમારો હક તફડાવતાં જાય છે. કોઈક

કોઈક વાર ૬૪ યાત્રીઓ એક સાથે એનો વિરોધ પણ કરીએ છીએ. આ તીર્થ સ્થાનમાં ભક્તો દૂર દૂરથી આવે છે. અને બીજાનો હક છીનવી પાપકર્મ કરતાં અચકાતાં નથી. તીર્થમાં એટલી બધી ભીડ હોય છે. એ જોઈને એવું જ લાગે કે હમણાં જ દર્શન કરી સૌ મોક્ષ મેળવી લેવાનાં છે ! ગંદકીનો પાર નહિ. વ્યવસ્થાના નામે મીંડું એમ કહી શકાય. સૌ પંડિતો પંડિતાઈ ભૂલી જાણે પૈસા કમાવવાનું મશીન બની ગયા હોય તેમ જ ભાસે. પણ એ આપણો વિષય નથી. આપણે આપણું કામ કરવાનું છે. અમે સૌ ભગવાનને બહારથી પોકારો પાડી પાડી અમારા સૌની મનઅંતરની લાગણી તો પહોંચાડી દીધી. બધાંએ ખૂબ આનંદ ઉત્સાહથી શિવપૂજા કરી છે. ખૂબ જ પરિશ્રમ કર્યો છે. અરે પરસેવાથી સ્નાન કર્યું છે. પરંતુ જ્યારે ગર્ભગૃહમાં દાખલ થયા ત્યારે સરસ ઠંડું પાણી પ્રાપ્ત થયું. અને ઠંડું વાતાવરણ પણ મળે છે અને ત્યાર બાદ અમે સૌ વિવિધ ધૂનો બમણાં ઉત્સાહથી ગાઈએ છીએ. સૌ શિવમય બન્યાં છે. ડમરુ, શંખ, મંજીરાં એક સાથે વગાડી આખા વાતાવરણને ભક્તિમય બનાવવાની કોશિશ કરતાં રહેતાં હતાં સૌ જાણે શિવભક્ત બન્યા છે. આજના અથાગ પરિશ્રમ પછી જે એક મિનિટ માટે જ શ્રી ઓમકારેશ્વરના દર્શન કરી શક્યા પણ એનો એટલો બધો આનંદ હતો કારણ પરિશ્રમથી પામેલ આ પવિત્ર પ્રસાદ હતો. એટલે સૌએ તેને વધાવ્યો છે. લગભગ ૭.૩૦ વાગ્યે પાછા રિસોર્ટ પર આવી ગયા. અને સૌએ ભોજનપ્રસાદ ગ્રહણ કરી અને રાત્રીવંદના માટે સૌ સજ્જ થયા છે. વંદના પછી. ત્રણ યુવાન ભક્તોએ એમની તૈયાર કરેલી નોંધો બોલ્યા છે. પુણ્યા અમરનાથની સ્તુતિ વિશે માહિતી આપે છે. અને કેવા સંજોગોમાં કઈ સાલમાં રચાયું એની માહિતીસભર વાતો કરે છે. તો ભાઈ જતન ઓમકારેશ્વર મહાદેવના ઈતિહાસથી બધાંને માહિતગાર કરે છે. એ પહેલી વાર બોલવા ઊભો થયો છે. પરંતુ એટલી સરસ યાદશક્તિ પ્રભુએ આપી છે. કે સરસ રીતે બધાને પ્રિય થઈ ગયો.

બહેન કૃષાંગીએ પણ મહાકાલ વિશે જાણકારી આપી. સૌ યુવાનો કેટલુ સરસ બોલી શકે છે. એ પૂજ્ય શ્રી'મા'ની કૃપા છે. શ્રીતેજસભાઈ અને રૂચિતભાઈ પણ મહિને એકવાર ઓનલાઈન સત્સંગ યોજીને સૌને જગાડતાં રહે છે. તેમનામાં ઉત્સાહ ભરતા રહે છે. તે સૌને પ્રોત્સાહિત કરતા રહે છે. પૂજ્ય શ્રી'મા'ની જ આ યોજનાઓ છે. આજે અતિ અગત્યનો પ્રસાદ તો પૂજ્ય શ્રી'મા' દ્વારા અપાયેલાં પદોનો રસથાળ છે. પૂજ્ય શ્રી'મા' આપણા સૌ માટે કેટલો પરિશ્રમ કરી આપણા સૌના ઉદ્ધાર માટે સતત પ્રયત્નશીલ છે. સતત જગાડ્યા કરે છે. સતત પદપ્રસાદી ધરતાં રહે છે. એટલાં સરળ અને માર્મિક પદો પૂજ્ય શ્રી'મા'એ આપણા સૌ માટે રચ્યા છે. તે સુકૃતિબેનના મધુરે કંઠે સુકૃતિ બેન સંભળાવે છે. અને પદની સમજણ પણ આપે છે. બધાં અતિશય પરિશ્રમને લીધે થોડાક પરેશાન છે. એટલે આજે રાત્રે સત્સંગની બેઠકનું આયોજન ટૂંકમાં પૂર્ણ કર્યું. હવે એક નવી જ આફત પાછી પ્રવેશ પામે છે. સારથિ ભાઈ કહે છે. કાલે જેટલું વહેલું પ્રસ્થાન કરવાનું થાય તેટલું સારું છે. લગભગ ૫ થી ૬ કલાક જેટલો સમય થશે. રસ્તામાં ટ્રાફિક નડશે, ઘાટ વાળો રસ્તો છે. અને બધાં પાછા ચર્ચાના ચકડોળે ચડે છે. એવું પણ બને જમવાનું જતું કરવું પડે. અથવા બીજી હોટલામાં ભોજન લેવું પડે અને એ વ્યવસ્થા સૌને મુશ્કેલી ઊભી કરે તેવી હતી. કારણ આપણે સાથે સાત્ત્વિક ભોજન મળી રહે તે માટે રસોઈઆની મંડળી પણ સાથે રાખી હતી અને હવે જો બહાર જમવાનું બને અને એ ગ્રહણ કરીએ જો કોઈની તબિયત બગડે તો ? આવી તો કેટલી વાતો ચર્ચાઈ, પણ આખરે એવું નક્કી થયું કે બન્ને બસો સાથે નહિ ચાલે એટલે એવું નક્કી થાય છે કે સવારે ૭.૦૦ની આસપાસ પ્રસ્થાન કરીશું. અને મોટી બસ જેમાં ભોજન સામગ્રી છે તે બસ અમારી નાની બસની રાહ જોયા વગર હોટલ મેઘદૂત પહોંચી જશે. આ નિર્ણય પર આવી બાકી બધુ 'મા' ભરોસે છોડી દીધું.

તા.૩૦/૦૩/૨૦૨૩નો દિવસ છે. સવારે ૬.૧૫ના સમયે જપયાત્રા છે. સૌ કોઈપણ જાતના વિલંબ કર્યા વગર જપયાત્રા માટે પહોંચી જાય છે. ૧૫ મિનિટની જપયાત્રા હતી પણ ત્યાંનું વાતાવરણ અને શાંતિમાં સહુને જાણે ૧ કલાક જપ યાત્રા કરવાની ઈચ્છા થઈ ગયેલી. પણ સમયને સાચવવાનો હતો જેથી ૬.૩૦ વાગે નાસ્તો અને દૂધની વ્યવસ્થા છે. તેમાંથી સૌ પરવારી લગભગ ૭.૧૦ વાગ્યે ઓમકારેશ્વરથી ઉજ્જૈન જવા પ્રસ્થાન કરીએ છીએ અહીં બધા ને અશ્વિનભાઈ તરફથી શિવમહિમ્નનું પુસ્તક અને હેમીશભાઈ તરફથી સાટાનો પ્રસાદ આપવામાં આવ્યો. સૌ પોતપોતાની નિર્ધારિત કરેલી બસમાં સ્થાન પામે છે. અને ત્યાર બાદ બસમાં નિત્ય પ્રાર્થના પ્રારંભ પામે છે. અને ત્યાર બાદ લીલામૃતના વીડિયો દર્શન માટે આયોજન થાય છે. સૌ યુવાનો આ કામ માટે લાગી જાય છે. અને પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી અને કેટલાય પ્રયત્નો પછી સફળ થાય છે. અને છેલ્લે કેટલીય વસ્તુઓનો ઢગલો કરી તેની સર્વોચ્ચ શિખર પર લેપટોપને સ્થાન મળે છે અને તેમાંથી શ્રી લીલામૃતનાં દર્શન થાય છે. ત્યાર બાદ જેણે લૅપટૉપને બન્ને બાજુથી પકડી રાખ્યું હોય તે પણ થાકી ના જાય તેટલા માટે નિત્યાબેન પોતે જ પોતાના હાથમાં લૅપટૉપને ઊંચું પકડી રાખી બેસી જાય છે. અને આમ પૂજ્ય શ્રી'મા'ની યોજનાથી સૌને બસમાં લીલામૃતનાં દર્શન પ્રાપ્ત થાય છે. આ યુવાનોના શુભ સંકલ્પો પૂજ્ય શ્રી'મા'ના કૃપા અને આશીર્વાદથી સતત પૂર્ણ થયા કરે છે. શ્રીરૂચિતભાઈ ધાર્યા સંકલ્પો પાર પાડવા માટે સતત મથતાં રહેતા જોવા મળ્યા છે. આજે સત્સંગ નામના સદ્ગ્રંથનું વાંચન થાય છે. સૌ યુવાનોને તે વિશે બોલવાનું છે. સૌ પ્રતિભાવ આપે છે. આ યુવા જગતના કેવા પ્રશ્નો હોય છે. અને તે પૂજ્ય શ્રી'મા'ના કૃપાઆશિષથી તેના કેવા જવાબો મળે છે. તે તેમની વાત પરથી સમજાયું. અને ત્યાર બાદ બસમાં તકલીફ આવે છે. બસમાં પણ વાયરસ આવી ગયો હોય છે. અને બસના સંચાલનમાં તકલીફ

ઊભી થાય છે. બસ ધીમે ધીમે ચાલે છે. પણ બસમાં એ.સી. ચાલતું હતું તે પ્રભુની કૃપા ગણી શકાય. બહુ પ્રયત્ન પછી પણ બસમાં એ.સી. ચાલતું હતું તે પ્રભુની કૃપા ગણી શકાય. બહુ પ્રયત્ન પછી પણ બસ પહોંચી શકે તેમ ન હોઈ બીજી બસ પાછી બોલાવવાનું નક્કી થાય છે. અને બધાં તેમાં બેસી ગંતવ્ય સ્થાન પર પહોંચી જઈએ છીએ. થોડી વારમાં ભોજનપ્રસાદ લઈ સૌને મહાકાલેશ્વર દર્શન માટે જવાનું હોય છે. ત્યાં જવા પ્રસ્થાન કરીએ છીએ. અહીં હિરેનભાઈ તરફથી સહુને પ્રસાદ પ્રાપ્ત થાય છે. સૌ એક જ બસમાં હળીમળી બેસી જઈએ છીએ. અને મહાકાલેશ્વર દેવના સ્થાનમાં પહોંચી જઈએ છીએ. પાછું બધાને પૂછવામાં આવે છે. કે સામાન્ય લાઈનમાં દર્શન કરવા છે કે વીઆઈપી દર્શન ? અહીં વીઆઈપી દર્શનના રૂ.૨૫૦/– છે. એટલે સૌ એકસૂરે વીઆઈપી દર્શન માટે હા પાડે છે. અને તે રીતે ટિકિટની વ્યવસ્થા થઈ જાય છે. ૧૫ થી ૨૦ મિનિટમાં જ સૌ મહાકાલેશ્વરનાં દર્શન પામીએ છીએ. પણ આજે ઓમકારેશ્વર જેવી મઝા નથી માણી શક્યા એટલા ઝડપથી દર્શન થાય છે. ભગવાન આવીને જતા રહે તો પણ ખબર ના પડે. ત્યાર બાદ હરસિદ્ધિ માતાના મંદિરે દર્શન કરવા પદયાત્રા કરીને પહોંચીએ છીએ. ત્યાર બાદ સરસ રીતે તૈયાર કરેલા મહાકાલ કૉરિડૉરમાં આવી છીએ અને ત્યાર બાદ સરસ સ્થાન શોધીએ છીએ. અને ત્યાં અમે સૌ શિવમહિમ્નસ્તોત્ર, અમરનાથની સ્તુતિ અને શિવસ્તુતિ અને મંત્રગાન સમૂહમાં બેસીને કરીએ છીએ. સૌને એક સાથે શિવમહિમ્નના પાઠ કરતાં જોઈ ત્યાંથી વખતે ત્યાંથી પસાર થતાં સૌ આ યુવા ભાઈઓ બહેનોને જોતાં રહેતાં અને વીડિયો પણ લેતાં આ યુવાનીમાં સૌ પાઠ કરે એ કદાચ એ લોકોને નવાઈ લાગતી હશે. ત્યારબાદ સીક્યોરીટી આવી અને એ જગ્યા પરથી ઊભા થવાનું કહે છે. મૅનેજમેન્ટ દ્વારા ના કહેવાથી એ જગ્યા પર અમારી પૂજા પૂર્ણ થાય છે પછી અમે ત્યાં થી મહાકાલ કૉરિડૉરનાં દર્શને સૌ પોતપોતાની રીતે

જોવા જઈએ છીએ. જેટલું આંખોથી-મનથી ભરાય એટલું ધરાઈ ધરાઈને દર્શન કરીએ છીએ. સૌ ૮.૦૦ વાગ્યે વિદાય થઈએ છીએ અને મેઘદૂત રિસોર્ટ પર આવી ભોજન ત્યારબાદ વંદના અને ગરબાનો કાર્યક્રમ થાય છે. સૌ યુવાન ભાઈબહેનો સરસ રીતે ગરબા ગાય છે. બહેનો વધારે ઉત્સાહી છે. પણ અગિયારના ટકોરે અચાનક ગરબા એની જાતે બંધ થાય છે. જાણે 'મા'એ જ એ કાર્યક્રમને ત્યાં જ પૂર્ણ કરાવા માગે છે. કારણ બીજે દિવસે સવારે ૭.૦૦ વાગ્યે 'સત્યપથ' આવવા માટે નીકળી જવું પડે તેમ હોય છે. એટલે નવમંત્રથી કાર્યક્રમ વિરામ પામ્યો છે. આજે શ્રીતેજસભાઈ તરફથી કલ્પવૃક્ષ સમી કુટિયાની પ્રતિકૃતિ સૌને ઘર દીઠ એક મળી છે. તથા બુક માર્કની ભેટ મળી છે. અને પવિત્રાબેન તરફથી એક ચોકલેટનું બોક્ષ પણ પ્રસાદમાં પ્રાપ્ત થાય છે.

આજે સવારે ૬.૧૫ થી ૬.૪૫ સુધી જપયાત્રા થાય છે. અને ત્યાર બાદ શ્રીરૂચિતભાઈ અને શ્રીતેજસભાઈ નાનાં દશ બાળકોની પાસે બસમાં આવેલ આઠ સેવકો અને સારથિભાઈઓને પ્રસાદ અને શ્રીલક્ષ્મી અપાવી સત્કર્મ કરાવે છે. આટલી સરસ રીતે બસમાં લાવ્યા અને સરસ ભોજનપ્રસાદ માટે તે પણ જરૂરી છે. વિશેષતાઓને વધાવતા પૂજ્ય શ્રી'મા'એ શીખવ્યું છે. ત્યારબાદ સૌને ચૉકલેટનો પ્રસાદ મળે છે. ત્યારબાદ સવારનો દૂધ નાસ્તો કરી અને પ્રસ્થાન કરીએ છીએ. સવારની વંદના આજે બસમાં જ કરવાની છે. આજે વનભોજન બપોરે મળવાનું છે અને આજે ત્યાં રમત પણ રમવાની છે. શ્રીરૂચિતભાઈ અને બહેન સુકૃતિની જોડ અજોડ છે. બન્ને એકબીજાનાં પૂરક છે. એ બન્નેનો આ યાત્રામાં ખૂબ સહયોગ મળ્યો છે. સુકૃતિબેન રમત માટેની તૈયારી કરી આવ્યાં છે. રસ્તામાં ૯.૩૦ વાગ્યા પછી અચાનક ૧૦ મિનિટ માટે ધૂન ગવડાવવા માટે બધા સજ્જ થયા છે. પણ અરે ૧૦ મિનિટના

બદલે પુરા ૨.૦૦ કલાક સુધી ધૂન. ભજનો, પદોની અને ખાલી સંગીતની મઝા માણી યુવા ભાઈઓ બહેનો આજે સોળે કળાએ ખીલ્યાં છે. આખી બસ જાણે ભજનમંડળી બની ગઈ. આજે જે મઝા માણી છે. તે જાણે પૂજ્ય શ્રી'મા'ની દિવ્ય હાજરી હોય તેમ ભાસતું. આટલો ઉત્સાહ અને પ્રેમ જાણે પૂજ્ય શ્રી'મા' પ્રત્યક્ષ હાજર હોય અને કાર્યક્રમ થતો હોય તેમ લાગે છે. શ્રીરૂચિતભાઈ ઢોલક વગાડે છે અને પૂજ્ય શ્રી'મા'ની પ્રેરણાથી આશીર્વાદથી તેમની કલમે આ યાત્રા માટે રચેલાં પદ ગાય છે. અવાજ બધાના સાથ નથી આપતાં તો પણ બધાં થાકતા નથી. સતત ધૂન ભજન એક સાત્ત્વિક આનંદ લૂટી રહ્યા છીએ. બધાને ખબર છે કે આ દિવસો પણ ચાલ્યા જશે. નિર્દોષ મજા લૂંટી રહ્યાં છે. સૌ એક થઈ, મસ્ત થઈ જબરજસ્ત થઈ; મજા માણી રહ્યા છીએ. લગભગ ૧૧.૩૦ની આસપાસ શબરીધામ છે ત્યાં પહોંચ્યાં. ત્યાં રામ લક્ષ્મણ અને શબરીની સુંદર પ્રતિમા છે. એક વિશાળ જગ્યામાં પતરાના શેડ છે. ગરમી હોવા છતાં ત્યાં શેડ નીચે ઠંડકનો અહેસાસ ત્યાં વાતો પવન સૌને કરાવે છે. ઉપરની બાજુ ગૌશાળા આવેલી છે. બધાંએ આજુબાજુની જગ્યાનાં દર્શન કરી સુકૃતિ બહેન દ્વારા તૈયાર કરેલી એક વાક્યના અધૂરા શબ્દો એક ચિઠ્ઠીમાં લખીને સૌને આપવામાં આવે છે. એમાં અંગ્રેજીમાં પણ શબ્દો આપેલા છે. સૌ એક વર્તુળાકાર ઊભા રહે છે સૌની પાસે આવી સુકૃતિબેન એક ચિઠ્ઠી ઉપાડવાનું કહે છે. સૌની પાસે હવે ચિઠ્ઠી આવી ગઈ છે હજુ થોડી ચિઠ્ઠી વધી છે. ફરી વખત બધાંને મળે છે. ત્યાર બાદ રૂચિતભાઈ અને સુકૃતિબેન એ રમતના નિયમો અને રમત કેવી રીતે રમવી તેની સમજ પણ આપે છે. પૂજ્ય શ્રીપ્રભુ દ્વારા પ્રગટ થયેલ સદ્‌ગ્રંથોમાંના વાક્યોનો સમૂહ લઈ તેને અલગ અલગ ભાગોમાં વહેંચી દીધા હતા. ભાગ લેનાર સૌને એકબીજાંની મદદ લેવી જ પડે એવી રમત હતી. જેનાથી ના બોલતા યુવા ભાઈઓને એકબીજા સાથે

બોલવું જ પડે, એકબીજાને મદદ કરવી જ પડે તેવા સંજોગો ઊભા થતા હતા. સંગઠન ન બને તો આ રમત જીતી શકાય તેમ હતું જ નહિ અને એ જ રમતનો મુખ્ય હેતુ સુકૃતિબેન અને રૂચિતભાઈ દ્વારા નિર્ધારિત કરવામાં આવેલો. બધાં નાનાં બાળકોની જેમ આમથી તેમ દોડતાં અને ગ્રૂપ બની જતું તો દોડતા સુકૃતિ બેન પાસે બતાવવા પહોંચી જતા અને દરેક પોતાની જીતનો દાવો કરતાં ઘણાને નિરાશા પણ સાંપડતી પણ ખૂબ આનંદ માણ્યો. ત્યાર બાદ એક બીજી રમતમાં પૂજ્ય શ્રીપ્રભુના પ્રસંગમાં એક ઠગ વાળની લટોમાંથી દૂધ કાઢી બતાવે છે તે પ્રસંગ પરથી એક સરસ મજાની રમત શોધી કાઢી હતી. આ બધું રમતા ત્યારે બધા ભૂલો કરતાં ત્યારે બધા ખૂબ મઝા લેતાં એ દ્રશ્ય ખૂબ સરસ દેખાતું.

ત્યાર બાદ સરસ ભોજન પ્રાપ્ત થયું. અને પછી ત્યાંથી ‘સત્યપથ’ તરફ જવા પ્રયાણ કર્યું. આજે આ ગૌશાળામાં યુવાયાત્રા ૨૦૨૪ના નામે ૧૧૦૦નું સત્કર્મ પણ નોંધાયું છે. હજુ સદ્‌ગ્રંથના એક પ્રકરણનું વાચન બાકી હતું. એટલે તે પણ સરસ રીતે પૂર્ણ થયું તેનું શીર્ષક હતું. ‘બહાદુર બાળકો.’ અને ત્યાર બાદ રૂચિતભાઈએ આખી જ ઘટનાની ખૂબ આગવી સમજ આપી બતાવી એના પરથી વાત નીકળી સંનિધિ યાત્રાના સંસ્મરણો જે કૃપાબેને જણાવ્યાં એમણે પૂજ્ય શ્રી‘મા’ની ‘એક ગ્રંથ, એક પંથ, અને એક સંત’ની વાત યાદ કરી. અને ત્યાર બાદ પૂજ્ય શ્રી પ્રભુનું પ્રવચન શ્રવણ કર્યું. ભક્તનાં લક્ષણો વિશે પ્રભુએ સત્સંગ કરાવ્યો તેમાં શ્રી નારાયણ કાકાને નિવૃત થયા પછી કેવા સેવાકાર્યમાં પ્રવૃત કર્યા અને કેવા આત્મસંતોષ સાથે પ્રભુકાર્યમાં લાગી ગયા. તે હૃદયસ્પર્શી સત્સંગથી સૌને પ્રાપ્ત થઈ. આ યુવાભાઈઓબહેનો સાથે યાત્રાનો એક ફાયદો છે એ સૌ ખૂબ નિર્દોષ છે. ખૂબ સમજદાર છે. ભણેલા છે. અને

સૂત્રધારની સૌ વાતો પ્રેમથી વધાવે છે. સૌ શિસ્તમાં રહ્યા છે. ક્યાંય કોઈને ટોકવા પડ્યા હોય, કાર્યક્રમ માટે બોલાવવા પડ્યા હોય તેવું જોવા મળ્યું નથી. સૌ એકમેકના સહાયક બની પૂજ્ય શ્રી'મા'ની આજ્ઞાનું પાલન કરતા રહ્યા. પોતે પોતાના ચોકીદાર બની પોતાની ચોકી કરતા રહ્યા બધાને ખબર હતી કે ફરવા નથી જવાનું. સૌ પોતાની રીતે જવાબદારીપૂર્વક વર્તતા રહ્યા અરે જે છે તેમાંથી પલટાવા માંડ્યા. ચા કોફી જેવા નિર્દોષ વ્યસન પણ છોડી રહ્યા છે. આ સંકલ્પ પૂજ્ય શ્રી'મા'નો છે. આ કૃપા આશીર્વાદ પૂજ્ય શ્રી'મા'ના જ છે.

આ રૂચિતભાઈની આ પ્રથમ યાત્રા છે અને વળી સૂત્રધારની જવાબદારી મળી છે. તેમની પાસે આવી કોઈ યાત્રાનો અનુભવ નથી છતાં ડર્યા વગર, ડગ્યા વગર, અને આવતા પડકારોને ઝીલવા માટે તેમની પાસે પૂજ્ય શ્રી'મા'ની શ્રદ્ધાનું અમૂલ્ય બળ હતું. એક સાથે ૬૫ મગજને એકસરખાં રાખવાનું કામ કપરું હતું. પણ શ્રીતેજસભાઈના સહયોગથી કોયડાઓ ઉકેલાતા રહેતા હતા. સૂત્રધારો અતિ વિનમ્ર બની સૌની પાસેથી પ્રેમથી કામ કરાવી લેતા. અરે, યાત્રા પૂરી થતા પહેલાં સૌએ ગ્રૂપમાં હિસાબ પણ પૂરો મૂકી દીધો છે. છેલ્લી ઘડીએ યાત્રામાં ભાગ ના લેનાર સૌની શ્રીલક્ષ્મી પરત કરી દીધી છે. અને વધારાની શ્રીલક્ષ્મી 'સ્વર્ગારોહણ'ને આંગણે આવતા હૂંફમાં હકદારો માટે પણ ૩૦૦૦/– જેવા શ્રીલક્ષ્મી સત્કર્મ માટે ધરી છે. સૌ યુવા ભાઈઓ અને બહેનોને પણ તેમની ધીરજ અને સંયમ અને સહકાર માટે વંદન. સૌ એક પરિવારની જેમ પડખે રહ્યા. સૌ શિસ્તથી યાત્રા કરી શક્યા. આપ સૌને એક અપીલ છે. આપ સૌને વંદન ! પૂજ્ય શ્રી'મા'નાં શ્રી ચરણોમાં અબજો અબજો પ્રણામ પ્રણામ પ્રણામ.

–શ્રીઅશ્વિન કાકા

## ॥ 'તીર્થની તાકાત' પ્રકરણની મહત્તા ॥

'જય કૃપાળુ મા'. યુવા યાત્રા ૨૦૨૪માં એક વડીલ તરીકે સામેલ થવાનું સદ્ભાગ્ય સાંપડ્યું. કલ્પના નહોતી કે મારે આ યુવા યાત્રામાં જોડાવાનું થશે. પણ આ વાત હકીકતમાં પલટાઈ ગઈ અને હું યાત્રામાં સહભાગી થયો. રૂચિતભાઈએ મને કહ્યું હતું. ત્યારે મેં એમને કહ્યું કે પૂજ્ય શ્રી'મા'ની આજ્ઞા માગી લેજો. પૂજ્ય શ્રી'મા'ની આજ્ઞા હશે તો હું જોડાઈશ. અને એ રીતે યાત્રાનો ભાગ બન્યો. યાત્રામાં નિયમોના ભાગરૂપે 'સત્સંગ' નામના સદ્ગ્રંથમાંથી ૪૧મું પ્રકરણ 'તીર્થની તાકાત' શ્રીરૂચિતભાઈએ ચાલુ બસમાં વાંચી સંભળાવી બધાંને તે વિશે બોલવાનું કહ્યું હતું. તે મુજબ સૌ તેમાં પ્રભુએ લીધેલ પ્રાર્થનાના પ્રયોગથી સાધના માટેનું સ્થળ નક્કી કર્યું હતું. તે મુજબ સૌએ પોતાના જીવનમાં બનેલી સાચી ઘટનાની વાતો વહેતી કરી અને એ સૌએ પ્રાર્થના સંભળાય છે, તેમાં પોતાનો સૂર પુરાવ્યો અને પોતાની અનુભૂતિ કહી સંભળાવી.

મને એક એવો વિચાર આવ્યો કે આ પૂજ્ય શ્રી પ્રભુએ આ તીર્થની તાકાતમાં કેટલા બધા ગૂઢ રહસ્યો ઉજાગર કર્યા છે. પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુની વાત સૌએ સમજવા જેવી છે. પૂજ્ય શ્રી પ્રભુ તેમાં કહે છે કે "ઈશ્વર કૃપાની શક્તિ એવી અજબ છે. એ કયાં, ક્યારે, કોના માટે કેવી રીતે કામ કરે છે એ એક કોયડો છે. બુદ્ધિ એને સમજી શકે છે ખરી પણ એનો પાર નથી પામી શક્તિ તે એક એવું રહસ્ય છે જેનો ઉકેલ ઈશ્વરના ભક્તો સિવાય બીજા કોઈથી કરી નથી શકાતો એ કૃપાનો લાભ લેવો હોય તો ઈશ્વરના ભક્ત, પ્રેમી કે શરણાગત બનો, અને જીવન એના માટે જ જીવતાં શીખો ! વાતો કે વાદ વિવાદોથી કશું નહિ વળે, જીવનને એના રસથી રંગી દો. આમ થતાં તમારી બધી ચિંતા ટાળી તે તમારી સંભાળ રાખ્યા કરશે." આ આખા

પ્રકરણનો સાર આ જ છે. પણ આપણા સૌના જીવનમાં આ અનુભૂતિ તો આપણે કરી જ છે કે..આપણે આમાંનું કદાચ કશું નથી કર્યું એમ કહીએ તો ચાલે ! તેમ છતાં પૂજ્ય શ્રી'મા' આપણા સૌના જીવનમાં આપણી બધી ચિંતા ટાળી આપણી સતત સંભાળ રાખ્યા કરે છે. આપણે ફક્ત પૂજ્ય શ્રી'મા'ના ભક્ત કે પૂજ્ય શ્રી'મા'ના શરણાગત ભક્ત બની રહીએ તો પણ ઘણું. તો ચાલો આપણે સૌ પૂજ્ય શ્રી'મા' પ્રભુ માટે જીવન જીવતાં શીખીએ.

પૂજ્ય શ્રી પ્રભુએ તીર્થની તાકાત વિશે વર્ણન કર્યું છે. એના અનુસંધાનમાં હું મારા જીવનમાં બનેલ કેદારનાથના પ્રસંગ વિશે આપને વાત કરું. હું મારા સાધક મિત્રો સાથે હરિદ્વાર પૂજ્ય શ્રી 'મા' પાસે ગયો હતો. ત્યારે મન અંતરે એક ઈચ્છા એવી જાગી કે કેદારનાથ ધામ જવું છે. અને એ મનમાં ઉઠેલા સંકલ્પ સાથે હરિદ્વાર જવાનું બને છે. અને અમે પાંચ ભાઈઓ આશિષભાઈ, સ્નેહલભાઈ, રાજીવભાઈ, તારકભાઈ પૂજ્ય શ્રી'મા' પાસે જઈએ છીએ અને પૂજ્ય શ્રી'મા' પાસે મારે રજૂઆત કરવાની થાય છે અને હું પૂજ્ય શ્રી'મા' પાસે આજ્ઞા માગું છું કે હે 'મા' અમે ચારધામમાંથી એકેય ધામનાં દર્શન કર્યા નથી તો મનઅંતરે એવું થાય છે કે જો આપ આજ્ઞા આપો તો અમે ચાર ભાઈઓને કેદારનાથ જવાની ઈચ્છા ધરાવીએ છીએ. તો પૂજ્ય શ્રી'મા' પોતાનાં શ્રીચરણોમાં પોતાના વરદ હસ્તથી બતાવી કહ્યું. ચારે ધામ અહીં જ છે. તો કયાં જવું છે ? પણ આપણે નાસમજ અને વિવેકબુદ્ધિના અભાવવાળા પામર જીવો. એટલે કેદારનાથ જવાનું ફરી કહ્યું એટલે પૂજ્ય શ્રી'મા'એ કહ્યું જઈ આવો. એટલે મનમાં મહોત્સવ ચાલુ થયો કે ચાલો, હવે એક તીર્થસ્થાનમાં જવાશે. પણ દુઃખની વાત એ હતી એક સાક્ષાત્ તીર્થના દેવોના દેવને છોડીને એક બીજા તીર્થમાં જવાનું જોશ ઊમટ્યું હતું. પૂજ્ય શ્રી'મા'એ કહ્યું હતું કે ચાર સાધક જાવ છો ? તો અમે હા

કહ્યું પણ ત્યારે સ્નેહલભાઈ તો આવવાના નહોતા. એટલે થોડીવારમાં જશ આવ્યો અને એણે કહ્યું કે મારે પણ કેદારનાથધામ આવવું છે. એટલે અમે એને સાથે આવવા સંમતિ આપી એ યોજના પૂજ્ય શ્રી'મા'ની જ હશે એટલે જશ પણ સહયાત્રી તરીકે સહભાગી થયો. અને અમે યાત્રા માટે પ્રસ્થાન કર્યું. પૂજ્ય શ્રી'મા'ના કૃપાઆશિષથી યાત્રા પ્રારંભ પામી. અમે અમારી ગાડીમાં ગયા હતા. પૂજ્ય શ્રી'મા' સતત ફોનથી દિવ્ય સંનિધિ આપતા રહેતાં. અને પૂજ્ય શ્રી'મા'એ એક સૂચના આપી હતી કે રસ્તામાં કોઈએ વાત કરવાની નથી. મૌન રહી ૐ નમઃ શિવાયના જપ કરતાં કરતાં યાત્રા કરવાની છે. ઉતરતી વખતે જ તેમ ચઢતી વખતે પણ ! હવે અમે પાંચ યાત્રા માટે પ્રસ્થાન કરીએ છીએ. શ્રીરાજીવભાઈ યાત્રામાં સહભાગી થયા છે. પણ તેઓ કેદારનાથની યાત્રામાં સહભાગી ન હતા. કેદારનાથની યાત્રા શરૂ કરતાં એવો વિચાર પ્રભુએ સુઝાડ્યો કે પૂજ્ય શ્રી'મા'ના આશીર્વાદ લઈએ અને અમે ત્યાં એક પત્ર લખી મોબાઈલથી સંદેશો મોકલી આપીએ છીએ લગભગ બપોર ૨.૦૦ની આસપાસ ૧૬ કિલોમીટરની પદયાત્રા પ્રારંભ કરી. હજુ માંડ ૪ કિલોમીટર ચાલ્યા હશું ત્યા જ પૂજ્ય શ્રી'મા'નો વીડિયો કૉલ આવે છે. અને પૂજ્ય શ્રી'મા' ગંગાજીનાં દર્શન કરાવે છે. અને પૂજ્ય શ્રી'મા'નાં દર્શન પણ પામીએ છીએ. ત્યારે હૃદયમાં એવા ભાવ જાગે છે કે હવે કેદારનાથનાં દર્શન તો પામી જ લીધા હવે કેદારનાથમાં દર્શન થાય તોય શું ! અને ના થાય તોય શું !

રાત્રે ૧૦ વાગ્યે કેદારનાથ પહોંચ્યા અને સવારે ૪.૦૦ વાગ્યા થી દર્શન માટે લાઈનમાં ઊભા હતા ત્યારે લગભગ આઠ કલાક પછી એટલે કે બપોર ૧૨.૦૦ વાગ્યે દર્શન પામી શક્યા. અને પૂજ્ય શ્રી'મા'નો દિવ્ય ફોન આવે છે. ત્યારે વાત થઈ કે

૮.૦૦ કલાકની તપશ્ચર્યા બાદ દર્શન થયાં અને તે પણ ફક્ત એક જ મિનિટ માટે જ થઈ શક્યાં ! અને વીઆઈપી દર્શન કરવાં હોય તો ૨૧૦૦ રૂા. થાય. ત્યારે પૂજ્ય શ્રી'મા'એ જે ખૂબ અતિ ઉપયોગી વાત કરી કે આ તમારી 'મા' તુરત જ તમને સૌને મફતમાં જ દર્શન આપી દે એટલે પૂજ્ય શ્રી'મા'ની તમારે મન કોઈ કિંમત નથી. અરે 'સ્વર્ગારોહણ'માં તો ચાલુ સ્તુતિવંદનામાંથી પણ સાધકો વચ્ચેથી નીકળી પોતાના ગૃહે જવા પ્રયાણ કરતા હોય છે. અરે આપણામાં એટલી ધીરજનો અભાવ હોય છે કે આપણે વંદના પૂરી થાય ત્યાં સુધી પણ આપણે રાહ જોઈ શકતા નથી. કે રાહ જોવા તૈયાર હોતા નથી. અહીં આઠ આઠ કલાક તપશ્ચર્યા કરીએ છીએ. તો આ બધું કરી આપણે આપણા પ્રભુનું અપમાન કરતા હોઈએ તેવું ચોક્કસપણે લાગ્યા વિના રહે જ નહિ, જ્યારે આપણે પૂજ્ય શ્રી પ્રભુની કે પૂજ્ય શ્રી'મા'ની સ્તુતિ કરતાં હોઈએ છીએ. ત્યારે તે ત્યાં અચૂકપણે હાજર જ હોય છે. એટલે પૂજ્ય શ્રી'મા' કે પ્રભુ જ્યાં સાક્ષાત્ બિરાજમાન હોય ત્યાંથી આપણે કેવી રીતે નીકળી શકીએ ? માટે આપણે સૌએ વિચારવા જેવી વાત છે. કે વીઆઈપી દર્શનનાં રૂા.૨૧૦૦ લે છે. અહીં પૂજ્ય શ્રી'મા' પાસે દર્શન પામી અને શ્રીલક્ષ્મીનો પ્રસાદ પણ આપણે સૌ પામીએ છીએ. તો આ પ્રસંગ એટલા માટે યાદ આવ્યો કે આપણા 'સ્વર્ગારોહણ' તીર્થની તાકાતને આપણે સહેજ પણ ઓછી આંકવી ના જોઈએ. આપણી સૌની દુનિયાનું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ તીર્થ 'સ્વર્ગારોહણ' અને દેવોના દેવ પૂજ્ય શ્રી'મા' સ્વયં બિરાજમાન છે. તો એમના જ ભક્ત બનીને રહીએ અને એમના જ શરણાગત બનીએ. એ જ સૌને પ્રાર્થના. આપણા આ તીર્થની તાકાત સમજી એને વધાવીએ.

**—એક યાત્રિક**

## ।। જીવનપત્રિકા : પદનિર્ઝર ।।

જીવનપત્રિકા સૌને આપી
વિવેકશક્તિ સાથે આપી

કોઈકે કોરી તો આડીઅવળી
લીટી દોરીને ત્યાં બગાડી

ધૂળે ઢાંકી કે જળમાં ડૂબાડી
કોઈકે વળી સાચવી રાખી

રામનામથી કોકે સજાવી
રામના દ્વારે એ નોંધાવી

કોઈકે વળી હોડી બનાવી
સત્સંગ સાથિઓ એને સજાવી

દેવી દેવતા સૌને વંચાવી
અંતે હરિએ હાથમાં લીધી

જીવનપત્રિકા સર્વેશ્વરીની
હરિએ હૈયામાં પધરાવી

જપ, તપ, વ્રતની અમર કહાણી
જગ વચ્ચે સૌને વંચાવી

**—શ્રી'મા' સર્વેશ્વરી**

**(રાગ : હે જ્ઞાનેશ્વરી)**

**તા.૧૨/૨/૨૦૨૪**